

તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તે પણે પરિણમવાને લાયક છો એમ નિઃસંદેહ થા.—પૂજ્ય ગુરુદેવશ્રી

481

# સ્વતત્ત્વના સ્વીકાર વડે જ્ઞાનજ્યોતિરૂપી દીવડો પ્રગટાવો

રાગથી વિભક્ત ને સ્વભાવથી એકત્વના સમ્યક્ બોધસ્વરૂપ નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશ વડે આત્માને દીપાવવો તે સાચી દીપાવલિ છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

અહો! (આજથી ૨૫૦૯ વર્ષ પહેલાં,) આસો વદ ૧૪ ની પાછલી રાત્રે, ચાર અઘાતિકર્મનો ક્ષય કરીને અહીં ભગવાન સિદ્ધ-પરમાત્મદશાને પામ્યા. કેવળજ્ઞાન થયું ત્યારે જ ભગવાનને ભાવમોક્ષ પ્રગટ થઈ ગયો હતો. આજે સકળ કર્મકલંક રહિત પરમશ્રીરૂપી મુક્તિ-કામિનીના વલ્લભ થયા.

અહા, વસ્તુનું સ્વરૂપ તો જુઓ! જે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે જ સમયે તેઓ લોકાગ્રે બિરાજમાન થયા. જે સમયે નિર્વાણ તે જ સમયે લોકના અસંખ્ય પ્રદેશોનું ઉલ્લંઘન ને તે જ સમયે લોકાગ્રે સ્થિત થયા. સમય એક ને ઘટના ત્રણ! ભગવાને આવું કેવળજ્ઞાનમાં જોયું છે માટે તેમ છે—એમ નથી, પણ વસ્તુનું આવું જ કોઈ ગહન સ્વરૂપ છે ને જેવું સ્વરૂપ છે તેવું જ ભગવાને જોયું—જાણ્યું છે.

જુઓ તો ખરા! એક ક્રિયાવતી શક્તિની કેટલી તાકાત છે! સમય એક જ ને બનાવ ત્રણ!! આવી આવી તો અનંતી શક્તિઓ તારામાં ભરપૂર ભરી પડી છે પણ તને એનો વિશ્વાસ ક્યાં છે? એકવાર જ્યારે તને તારા અનંતશક્તિના નાથ પરમાત્માનો મહિમા આવે, વિશ્વાસ આવે ત્યારે જ દીપાવલી પર્વની તેં સાચી ઉજવણી કરી કહેવાય, અને તો જ જેવી પરમાત્મજ્યોતિરૂપ દીપાવલી ભગવાન મહાવીરે પોતાની પરિણતિમાં પ્રગટાવી તેવી દીપાવલી તારા આત્મામાં પણ પ્રગટે. આજના દિવસે મહાવીર ભગવાન સિદ્ધ પરમાત્મદશાને પામ્યા. જુઓ, જીવના વીર્યની દશા! ઋષભદેવ ભગવાનના સમવશરણમાં તેઓ (મરીચિપણે) હોવા છતાં ઊંધા પુરુષાર્થથી અસંખ્ય અબજો વર્ષો સુધી અનેક કુગતિમાં રખડ્યા; અને પૂર્વના દશમા ભવે હરણને મારતી વખતે મુનિરાજના દર્શન ને ઉપદેશથી ભવાન્તકારી નિર્મળ પરિણિત પામ્યા. મરીચિના ભવમાં સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા છતાં પોતાના આત્માને ન

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૮ ]

કહાન
સંવત ૩
વર્ષ ૪૦
અંક ૫
[૪૮૧]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૦૯
A.D. 1983
NOV.

## દીપાવલિ અને મંગળ સુપ્રભાતે

## અતીન્દ્રિય આનંદના અમૃત પીરસતી ગુરુવાણી

મહાવીર ભગવાનને તેરમે ગુણસ્થાને પૂર્ણ આનંદ હતો પણ આજના દિને અવ્યાબાધ આનંદ પ્રાપ્ત થયો. તેમણે પોતાની પર્યાયમાં અવ્યાબાધ આનંદ પ્રગટ કર્યો. અનાદિની સંસારદશા હતી તેનો ત્યાં અંત આવ્યો અને અનંતકાળ રહેવાની છે એવી સિદ્ધની પર્યાય ભગવાન મહાવીરને આજના દિવસે પ્રગટ થઈ.

સમ્યગ્દર્શન એ સુપ્રભાત છે. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિને સુપ્રભાત કહ્યું છે. અતીન્દ્રિય આનંદના ધ્રુવ પ્રવાહને રાગ રહિત અતીન્દ્રિય આનંદના સ્વાદપૂર્વક જાણવો તે ખરું સુપ્રભાત છે.

[દીપાવલિ તથા નૂતન વર્ષના દિને
પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વચનો]

મહાવીર ભગવાનને આજે મોક્ષમાર્ગની પર્યાયની પૂર્ણતા ચૌદમે ગુણસ્થાને થઈ. મોક્ષમાર્ગનો વ્યય થયો ને મોક્ષનો ઉત્પાદ થયો. ખરેખર તો મોક્ષના ઉત્પાદનો જન્મક્ષણ

હતો. જેમ માટીમાંથી ઘડો ઉત્પન્ન થવાનો જન્મક્ષણ હોય છે તેમાં કુંભાર નિમિત્ત હોય છે, તેમ મહાવીર ભગવાને પૂર્ણ પર્યાય પ્રગટ કરી તેમાં કાળ આદિ નિમિત્ત હતા.

ખરેખર તો મોક્ષની પર્યાય પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે. વિકારી પર્યાય પણ પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. કેમકે દ્રવ્ય–ગુણમાં વિકાર નથી છતાં પર્યાયમાં વિકાર થાય છે, તે પર્યાય પોતાની સ્વતંત્રતા જાહેર કરે છે. અને તે સ્વતંત્રતાની જાહેરાતનું તાત્પર્ય વીતરાગતા છે, અને તે વીતરાગતા, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે થાય છે. સમ્યગ્દર્શનની પર્યાયનો તે કાળે જન્મક્ષણ છે, તે પોતાના ષટ્કારકથી થાય છે, તેને દ્રવ્ય–ગુણની પણ અપેક્ષા નથી. આજે ભગવાન મહાવીર મોક્ષ પધાર્યાનો ઉત્પત્તિનો કાળ હતો. તેને મોક્ષમાર્ગને લઈને થઈ તેમ કહેવું તે વ્યવહાર છે. કેમકે મોક્ષમાર્ગનો વ્યય થાય છે, વ્યય તે કારણ કેમ હોય? ઉત્પાદનનું કારણ ઉત્પાદ પોતે છે.

ભગવાનને કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિસ્વરૂપ સુપ્રભાત પ્રગટે છે. અને સમ્યગ્દર્શન એ પણ સુપ્રભાત છે. ચૈતન્યનો પ્રકાશ પ્રગટે તે ચૈતન્યસુપ્રભાત છે. સૂર્યનો પ્રકાશ પ્રગટે–સૂર્યોદય થાય તે પ્રકાશ તો અચેતન છે. ચંદ્ર–સૂર્ય આદિનો પ્રકાશ અજ્ઞાનસ્વરૂપ છે, તેમાં જ્ઞાન નથી. ભગવાનને ભામંડળ હોય છે તેના પ્રકાશ આગળ ચંદ્ર–સૂર્યના પ્રકાશ કાંઈ નથી. ભામંડળનો તે પ્રકાશ પણ અજ્ઞાન છે, માટે અંધકાર છે. રાગ છે તે પણ અંધકાર છે. તેમાં આત્માનું કિરણ નથી, તેનાથી ચૈતન્યપ્રકાશ ભિન્ન છે. આત્મા જ્ઞાનપ્રકાશમય છે. જ્ઞાનપ્રકાશમય આત્મા રાગ–અંધકારથી નહીં દેખાય. તેને જ્ઞાનપ્રકાશથી જો તો દેખાશે.

અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ પ્રગટ થાય તોપણ ખૂટે એમ નથી એવો જે ભગવાન આત્મા તેને મિથ્યાત્વ રહિત સમ્યક્-દૃષ્ટિથી ઉપાદેય કરવો તેનું નામ સુપ્રભાત છે. તેનું નામ નવું વર્ષ છે. ભગવાન આત્માને સમ્યક્-દૃષ્ટિથી ઉપાદેય કરવો તેનું નામ આત્માની સાથે સાદિ અનંત કાળ રહેવા માટે સગાઈ કરીને આત્માના ગુણોના પરિવાર સાથે સંબંધ જોડયો છે.

જેણે ભગવાન આત્માને સમ્યક્ દર્શનથી પ્રતીતિમાં લીધો તેને સુપ્રભાત પ્રગટયું છે. જેમ બીજ ઊગી છે તે પૂર્ણિમા થઈને રહેશે. તેમ જેને સુપ્રભાત પ્રગટયું છે તેને કેવળજ્ઞાન થઈને જ રહેશે, તેને કેવળજ્ઞાનમાં કોઈ વિઘ્ન હોઈ શકે જ નહીં. વસ્તુ નિરંજન નિરાકાર તેને નિરંજન પરિણતિ દ્વારા પ્રગટ કર્યો તેને સુપ્રભાત પ્રગટયું છે, તેને કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ પ્રગટ થઈને રહેશે. ભગવાન આત્માની પ્રતીત કરતાં આત્માના અસંખ્યાત પ્રદેશે આનંદના અંકુર ફૂટી નીકળે છે.

# સંતોની વાણીમાં સ્વતંત્રતાનો ઢંઢેરો

એક ન્યાય સમજતાં જ્ઞાન-કબાટ ખુલી જાય તેવી આ વાત છે. જેમ ક્રમબદ્ધની વાત બહુ સૂક્ષ્મ ને ગંભીર છે તેમ પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતાની ને ભિન્નતાની આ વાત બહુ ગંભીર છે. જો આ એક ન્યાય અંતરથી બેસી જાય તો કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી જળહળ ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થાય તેવી આ વાત છે.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. આંગળી પુસ્તકના પાનાને અડતી નથી, આંગળી કોઈને અડતી નથી, પોતે પોતામાં છે. પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ–પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. આત્મા કર્મના ઉદયને અડયો નથી. કર્મનો ઉદય તેના ક્રમમાં આવેલો છે ને રાગ પોતાના કાળે ક્રમમાં આવેલો છે, તે કર્મને સ્પર્શતો નથી.

અહીં કહે છે કે ટોપી માથાને અડતી જ નથી. ગજબ વાત છે ને! માણસ માથા પર હાથ ઘસે છે તે હાથ માથાને અડતો નથી. તો દેખે છે તે શું ખોટું દેખે છે?—દેખે છે તે સંયોગથી દેખે છે, તેના સ્વભાવથી દેખતો નથી. પ્રત્યેક પદાર્થ પોતાનામાં અંતર્મગ્ન પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે—એમ સમયસારની ત્રીજી ગાથામાં કહ્યું છે.

રોટલો–રોટલી જીભને અડતા નથી. સ્વાદનું જ્ઞાન જીવને થાય છે તે પોતાને લઈને થાય છે. કેમ કે સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ હોવાથી સ્વાદને જાણે છે પણ સ્વાદને લઈને સ્વાદનું જ્ઞાન થાય છે તેમ નથી.

ચશ્મા છે તે આંખને અડતા નથી, કાનના આધારે કે નાકના આધારે ચશ્મા રહ્યાં નથી. રોટલીનો ભૂકો થાય છે તે દાંતને અડયો નથી. દરેક દ્રવ્યની પર્યાય તેના કાળે થઈ છે તેને નિમિત્ત શું કરે? નિમિત્ત ભલે હો! પણ નિમિત્ત પર પર્યાયને સ્પર્શતું નથી તેમ જ પર પર્યાયને કરતું નથી.

એક શરીર બીજા શરીરને સ્પર્શતું નથી. જ્ઞાન ઇન્દ્રિયને અડતું નથી ને ઇન્દ્રિયો પરને અડતી નથી.

પાણી ઊનું થાય છે ત્યારે અગ્નિની પર્યાય અગ્નિને સ્પર્શે છે અને ઊના પાણીની પર્યાય પાણીને પોતાને સ્પર્શે છે. પણ પાણી અગ્નિને સ્પર્શતું જ નથી.

કર્મને લઈને વિકાર થાય તેમ કહે છે ને?—પણ જડ કર્મનો ઉદય જીવને

અડતો જ નથી. વળી આંધળા દ્રવ્યને—જડ કર્મને ખબર નથી કે અમે છીએ કે નહીં?—તો તે જીવને વિકાર કેમ કરાવે? જ્ઞાન જાણે છે કે કર્મ છે તેને હું અડતો નથી કે મને તે અડતા નથી. પોતાના ચારિત્રગુણનો તે પ્રકારની વિકૃતિનો કાળ છે તે પ્રમાણે વિકાર થાય છે, શુભભાવ થાય છે તે દેવ-શાસ્ત્ર-ગુરુથી થતાં નથી, તેઓ નિમિત્ત છે. શુભભાવ છે તે જીવની પર્યાયમાં છે. દેવ-શાસ્ત્ર-ગુરુને જીવની પર્યાય સ્પર્શતી નથી.

ગરમ પાણી ચામડી પર છાંટે તો ફોલ્લો થાય. અહીં કહે છે કે તે વાત જ ખોટી છે. પાણી શરીરને અડયું જ નથી. ફોલ્લો શરીરના કારણે થયો છે, પાણીના કારણે થયો જ નથી. કોઈની થપાટ બીજા બીજા કોઈને અડતી જ નથી. આ તો બહુ ગંભીર વાત છે. એક પરમાણુ બીજા પરમાણુને અડતા જ નથી. આમ જાણતા પરથી મારામાં થાય છે ને હું પરનો કર્તા છું એવી કર્તાબુદ્ધિ છૂટી જાય છે ને સમ્યગ્દર્શન થાય છે.

શરીર ઠંડું હોય ત્યાં હાથ ઘસે ગરમ થાય, અહીં કહે છે કે હાથ શરીરના તે ભાગને સ્પર્શ તો જ નથી. હાથ ઘસવાથી શરીર ગરમ થાય તે વાત ખોટી છે. હાથના કારણે શરીર ગરમ થયું જ નથી.

સ્વકાળે થાય, પરને અડયા વિના થાય, નિમિત્ત-ઉપાદન એક સાથે હોય, છતાં નિમિત્ત ઉપાદાનને સ્પર્શે નહીં ને ઉપાદાન નિમિત્તને સ્પર્શ નહીં. ઉપાદાનના કારણે ઉપાદાનમાં કાર્ય થાય એવી વસ્તુસ્થિતિ છે. જૈનદર્શનનું કહેલું તત્ત્વ એટલે વસ્તુ સ્વરૂપ છે.

પાણી નીચે અગ્નિ છે માટે ફદિયા પડે એટલું ગરમ થાય છે ને? કહે છે કે અગ્નિનના લઈને એમ થયું જ નથી. તને એમ કેમ લાગે છે. ભાઈ! પાણીના ને અગ્નિના પરમાણુઓ એક બીજાને અડતા જ નથી. સ્પર્શતા જ નથી. એકના લઈને બીજાનું કાર્ય થતું તને કેમ ભાસે છે?

અક્ષર લખાય છે તે શીશપેનથી લખાતા નથી, પોતે પોતાથી જ લખાય છે. શીશપેન કાગળને સ્પર્શતી જ નથી. પ્રત્યેક પદાર્થ પોતે પોતાથી ટકી રહ્યા છે. કેવા છે તે સર્વ પદાર્થો?—કેવા છે તે અનંત આત્માઓ ને અનંત પરમાણુઓ?—કે એક આત્મા બીજા આત્માને અડતો નથી, એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. એક અગુંલના અસંખ્યમાં ભાગમાં અનંતા જીવ છે અને એક જીવને બે-બે શરીર-કાર્મણ ને તેજસ, એક-એક શરીરમાં અનંતા પરમાણુઓ, તેઓ એકબીજાને અડયા નથી. તેઓ પોતપોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શ છે.

આંગળી શરીરમાં અડાડતા ખાડો પડયો. અહીં કહે છે કે આંગળીના પરમાણુઓ શરીરને અડયા જ નથી. અનંતા પરમાણુઓ પોતાના ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે

તોપણ તેઓ એક બીજાને ચુંબતા નથી, સ્પર્શતા નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે, એ રીતે લક્ષમાં ન લે ને અદ્ધરથી માને તો તે વિપરીત દૃષ્ટિ છે.

દરેક આત્મા દરેક રજકણ પોતાનામાં અંતર્મગ્ન ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. બાળકને ચુંબન કરે છે તો કહે છે કે બાળકના મોઢાને માતા-પિતાના હોઠ અડયા જ નથી, ચુંબન-સ્પર્શ થયો જ નથી. તો પાપ નથી ને?—પાપ છે, પણ તે શરીરની ક્રિયાથી નથી પણ પોતાના રાગ ભાવથી પાપ છે.

બાપુ, આમાં ઘણી ધીરજ જોવે. પરથી ભિન્ન પાડીને પરને અડતો નથી એવી વસ્તુસ્થિતિ જાણ્યા વિના આ વાત બેસે નહીં. દરેક દ્રવ્યો પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે તોપણ ભિન્ન દ્રવ્યો પરસ્પર એકબીજાને અડતા જ નથી. એકક્ષેત્રાવગાહે સાથે હોવા છતાં બે દ્રવ્યો એકબીજાને સ્પર્શતા નથી માટે પોતાના સ્વરૂપથી પડતા નથી.

દિવાસળી ઘસીને કેરોસીનના દીવાની વાટને અડાડે છે ત્યારે વાટ સળગે છે ને?—કે ના, દિવાસળી વાટને અડી જ નથી, તો પછી દિવાસળી શું કરે? ભાઈ દિવાસળી કોણે કરી? કોણ વાટ આગળ દિવાસળી લાવે? બાપુ, પદાર્થ પોતાની મર્યાદાની જે ભૂમિકામાં છે તેને છોડીને તે બીજા પદાર્થની ભૂમિકામાં જતો નથી. તેની મર્યાદા જ એવી છે. અહો! આ વાત માનવા જાય ત્યાં રાગ ભિન્ન પડી જાય.

ખરેખર તો રાગ પણ ચૈતન્યને સ્પર્શ્યો નથી. પરદ્રવ્ય તો ચૈતન્યને સ્પર્શ્યો નથી પણ રાગનો ભાવ તે પણ શુદ્ધ સ્વભાવને સ્પર્શ્યો નથી. રાગનો ભાવ તે સંયોગીભાવ છે, તે શુદ્ધભાવને સ્પર્શતો જ નથી. આવો માર્ગ ને આવી વસ્તુસ્થિતિ છે. આ સાંભળવા જ કોઈકને મળે. પરની દયા પાળે તો ધર્મ થાશે—એમ માને, પણ અરે! તું પરને અડતો જ નથી તો પરની દયા શી રીતે પાળે! ભાવ થાય, પણ પર તરફના વલણવાળો ભાવ છે તે રાગ છે, રાગને તો હિંસા કહી છે. અરાગ તે અહિંસા છે. હિંસા-અહિંસા પોતાની પર્યાયમાં થાય છે. પરની હિંસા-અહિંસા કોણ કરે? પરને અડતો જ નથી ત્યાં દયા પાળે કોણ ને પરને મારે કોણ? જીવ તો માત્ર ભાવ જ કરે છે.

વિભાવભાવ કે સ્વભાવભાવથી પોતે પોતાને ટકાવી રાખે છે, એ રીતે આખું વિશ્વ ટકી રહ્યું છે. પરના લઈને બીજો પદાર્થ ટકી રહ્યો નથી. વિભાવ પરિણામ પોતામાં પોતાથી છે, પરને લઈને નથી. એ પર્યાયની વાત થઈ. હવે જ્યારે દ્રવ્યની વાત જોઈએ તો દ્રવ્ય વિકારી પર્યાયને અડતું જ નથી. અરે! દ્રવ્ય છે તે નિર્મળ પર્યાયને પણ અડતું નથી. પોતાની નિર્મળ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. કેમ કે પર્યાયના અસ્તિત્વમાં દ્રવ્યનું અસ્તિત્વ આવતું નથી. દ્રવ્યના અસ્તિત્વનું જ્ઞાન પર્યાયમાં આવે છે, પણ વસ્તુ

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૧ ]

જિનવર દેવનું ફરમાન :

## વ્યવહાર સઘળોય છોડ ને નિશ્ચયને ગ્રહણ કર

આ બહુ ગંભીર કળશ છે. મહિમાવંત યથાર્થ વસ્તુને સિદ્ધ કરનારો આ કળશ બંધતત્ત્વનું મર્મ સમજાવે છે. વ્યવહાર અને નિશ્ચયનું પૃથક્કરણ કરી, બંનેની ભિન્નતા બતાવીને જીવોએ પરાશ્રય છોડવો અને ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય કરવો તેમ કહ્યું છે. પોતે આત્મા સિવાય જે કોઈ પર વસ્તુઓમાં જેટલા અધ્યવસાન થાય છે તે સઘળાય છોડ—એમ ત્રણ લોકના નાથ જિનેશ્વરનું ફરમાન છે.

[ શ્રી સમયસાર કળશ ૧૭૩ ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

પોતાના આત્મા સિવાય સર્વ વસ્તુઓમાં થતાં સઘળાય અધ્યવસાનને જિનેશ્વરદેવે ત્યાગવાયોગ્ય કહીને વ્યવહારના ત્યાગનો અને નિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આપ્યો છે —એમ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ અહીં કળશ દ્વારા કહે છે.

**શ્લોકાર્થઃ—આચાર્યદેવ કહે છે કે—સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવયોગ્ય કહ્યાં છે તેથી અમે એમ માનીએ છીએ કે 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.' તો પછી, આ સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?**

પોતે આત્મા સિવાય જેટલી વસ્તુઓ છે તેમાં જે એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે તેને છોડ. જગતના બધા રજકણો, આત્માઓ અને રાગમાં એકત્વબુદ્ધિ છે તે અધ્યવસાન છે. તેને જિનેશ્વરદેવે છોડાવ્યો છે. ત્રણલોકના નાથ જિનવરદેવ એમ કહે છે કે તારા આત્મા સિવાય જે કોઈ ભિન્ન ચીજ છે તે સર્વની એકત્વબુદ્ધિનો અધ્યવસાય છોડ.

આત્મા સિવાય જેટલી પર વસ્તુઓ છે તેમાં જેટલા અધ્યવસાન પડે છે તે

સઘળાય જિનેશ્વર કેવળી પરમાત્માએ છોડાવ્યા છે. ભગવાન કહે છે કે તારા માટે હું પણ પર છું, તેથી તું મારા માટે જેટલા અધ્યવસાય કરે કે ભગવાનથી મને લાભ થશે આદિ બધાય અધ્યવસાનો મિથ્યાત્વ હોવાથી છોડવા લાયક છે.

હું બીજાને સુખી-દુઃખી કરી શકું, મારી શકું, જિવાડી શકું ઇત્યાદિ પરવસ્તુ પ્રત્યેની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ તેને ભગવાને છોડાવ્યું છે. પોતાના આત્મા સિવાય જગતમાં જેટલી અન્ય વસ્તુ છે તેનાથી મને લાભ થશે કે હું તેનું કરી શકું કે તેઓ મારું કરી શકે—એવો એકત્વબુદ્ધિનો જે મિથ્યાત્વભાવ તે સંસારનું મહાબીજ છે, તેથી તેને જિનેશ્વરદેવે ત્યાગવા યોગ્ય કહ્યો છે.

પ્રચુર આનંદના વેદનમાં ઝૂલતા સંતો કહે છે કે જ્યારે જિનેશ્વરદેવે બધાંય અધ્યવસાન છોડાવ્યા છે ત્યારે અમે માનીએ છીએ—એમ સમજીએ છીએ કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાના રાગના પરિણામમાં પરનો સંબંધ છે, સ્વનો સંબંધ નથી. જે તારામાં નથી અને તેં તારા માન્યા છે તે તદ્દન મિથ્યાભાવ છે, તેથી ભગવાનને પર વસ્તુની એકત્વબુદ્ધિને છોડાવી છે તો અમે સંતો એમ માનીયે છીએ કે દયા-દાન-વ્રતાદિ પરના આશ્રયરૂપ બીજો જેટલો વ્યવહાર છે તે બધોય ભગવાને છોડાવ્યો છે.

પૈસા, પુત્ર આદિ મારા છે એમ માને છે તે બધા મોહિત છે, પાગલ છે. પ્રભુ! એ પર વસ્તુ છે, જગતની ધૂડ-રજકણ છે; ત્યાં મારું શરીર નિરોગી છે, મારી સ્ત્રી સારી છે ઇત્યાદિ બધી મૂર્ખાઈની જાહેરાત છે. અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે પરની એકત્વબુદ્ધિ છોડ. ભગવાને પરની એકત્વબુદ્ધિ છોડાવી છે ત્યારે અમને-સંતોને તો એમ લાગે છે કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર ભગવાને છોડાવ્યો છે.

મુનિરાજ એમ કહે છે કે ભગવાને જ્યારે પરની એકતા છોડાવી છે ત્યારે અમે તો એમ સમજીએ છીએ કે પરનો જેટલો આશ્રય છે એવો વ્યવહાર છોડાવ્યો છે. મિથ્યાદૃષ્ટિને વ્યવહાર હોતો જ નથી પણ સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર હોય છે તેને ત્યાજય કહ્યો છે. અરે! અનાદિથી કીડા, કાગડા, કૂતરા આદિ ભવ કરી કરીને મરી ગયો, અનંતા ભવ કર્યા પણ એને તેનું ભાન કયાં છે? પ્રભુ! તું શેના લઈને તને સુખી માની રહ્યો છે? એ તો પર વસ્તુ છે. પરની એકતાને લીધે અનાદિથી દુઃખના પંથે રખડી રહ્યો છે, હવે તારા સુખના પંથે તારે આવવું હોય તો એકવાર પરના આશ્રયે થયેલો રાગ દૃષ્ટિમાંથી છોડ!

ભગવાને પરની એકતાબુદ્ધિ છોડાવી છે તો સંતો કહે છે કે પરનો આશ્રય પંચમ આરામાં છે તે બધો છોડાવ્યો છે. એકત્વબુદ્ધિ વિનાના પણ પરના આશ્રયે જેટલા વિકલ્પો ઉઠે છે તેને ભગવાને છોડાવ્યા છે. જેમ પરને જિવાડવા આદિનો એકત્વનો

અધ્યવસાન બંધનું કારણ છે તેમ જેટલો પરાશ્રયભાવ છે તે બંધનું કારણ છે માટે છોડાવ્યો છે. દયા-દાન-વ્રત-તપ-પૂજા આદિમાં અન્યનો આશ્રય છે, સ્વનો આશ્રય નથી. તેથી પર જેનો આશ્રય છે, પર જેનું અવલંબન છે તે સઘળોય વ્યવહાર ભગવાને છોડાવ્યો છે—એમ સંતો કહે છે.

ભાઈ! તારા અભિપ્રાયથી તું શાસ્ત્રના અર્થ કરે તેમ ન હોય. ભગવાને જે અભિપ્રાયથી કહ્યું હોય તે અભિપ્રાયથી સમજવું જોઈએ. ભગવાન આત્મા વીતરાગી પ્રભુ અંદર બિરાજમાન છે, અનંત આનંદ અને શાંતિની શિલા ભગવાન છે. અરે! તારી મોટપની તને ખબર નથી. તારી વાત તેં સાંભળી નથી. જેમ અનાજથી ભરેલી કોઠીના તળીયે જે કાણું હોય તેમાંથી અનાજ નીકળે છે તેમ તારામાં અનંત અનંત ગુણ અને એક એક ગુણમાં અનંત શક્તિ ભરી પડી છે તે પર્યાયમાં પ્રગટે છે પણ તેની તને ખબર નથી.

વ્યવહારનો આશ્રય છોડશે તે નિશ્ચયમાં જશે, એટલે કે વ્યવહારનો આશ્રય છે તે દુઃખમાં છે, તેનો આશ્રય છોડશે તે સુખમાં જશે. પર જેનો આશ્રય છે, ચાહે તો તે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કે યાત્રાનો ભાવ હોય પણ તે પરાશ્રયભાવ ભગવાને છોડાવ્યો છે.

પર્યાયને કર્મ કે તેનો અભાવ નિમિત્ત છે પણ વસ્તુને કર્મ નિમિત્ત નથી, એવી પરમ સ્વભાવરૂપ વસ્તુના આશ્રયે જા અને આ વ્યવહારનો આશ્રય છોડ. આ કરવા જેવું છે એમ શ્રદ્ધા કર. આ એક જ કર્તવ્ય છે એમ અંતરમાંથી હકાર લાવ. ભગવાન કહે કે જેણે પરાશ્રય ભાવ દૃષ્ટિમાંથી છોડયો છે ને ત્રિકાળી શક્તિનો ભંડાર જેણે સ્વીકાર્યો છે તે સજ્જન છે, તે સત્ પુરુષ છે. જેણે નિજ ભગવાનનો આશ્રય લીધો છે તે સંત સુખીયા છે; માટે પરથી નિરપેક્ષ એક ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા કે જેમાં વ્યવહારનો પણ અભાવ છે એવા સમ્યક્ નિશ્ચયમાં જ ઠરો, તેમાં જ સ્થિત થાઓ. રાગ આદિના કંપમાં ગયા વિના નિષ્કંપપણે નિશ્ચયમાં ઠર.

એકરૂપ નિર્વિકલ્પ વસ્તુમાં સ્થિર થા. વ્યવહારના મૂંઝારાથી-કંપથી કે જે બંધનું કારણ છે તેમાંથી છૂટીને સ્વ-સ્વરૂપ ભગવાનમાં નિષ્કંપપણે ઠર. પ્રભુનું ફરમાન છે કે નિષ્કંપપણે એક સમ્યક્ નિશ્ચયને અંગીકાર કરવો. પોતાના જ્ઞાનઘન ભગવાન આત્મામાં સ્થિરતા કરે-એમ શુદ્ધ નિશ્ચયના આશ્રયના ગ્રહણનો ભગવાને ઉપદેશ આપીને પરની એકતાબુદ્ધિ તો છોડાવી છે પણ પરના આશ્રયે થતો વ્યવહાર પણ છોડાવ્યો છે.

અરેરે! માંડ મનુષ્યપણું મળ્યું છે માટે હવે સ્વનો આશ્રય કરો. સંતો કહે છે કે અમને આશ્ચર્ય થાય છે કે ભગવાને જ્યારે અધ્યવસાન અને પરનો આશ્રય છોડાવ્યો છે તો હવે સજ્જનો નિશ્ચયને ગ્રહણ કરીને તેમાં કેમ સ્થિર થતાં નથી? પ્રભુ! અતીન્દ્રિય

આનંદનો નાથ, એક એક ગુણની પરિપૂર્ણતાનાં સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા નથી પરમાં કે નથી વ્યવહારના વિકલ્પમાં, એ તો પોતાના સ્વરૂપમાં જ છે છતાં તેને ગ્રહણ કરીને તેમાં સ્થિર કેમ થતો નથી! તેનું અમને અચરજ થાય છે—એમ સંતો કહે છે.

શાસ્ત્રનો આશ્રય શબ્દ છે, તેથી શાસ્ત્રનું જ્ઞાન છે તે શબ્દજ્ઞાન છે, તેમાં આત્મજ્ઞાન નથી. નવ તત્ત્વની શ્રદ્ધાનો વિષય નવ તત્ત્વો છે અને પંચ મહાવ્રતાદિના પરિણામમાં છ-કાયનું લક્ષ છે તેથી તે વ્યવહારચારિત્ર છે માટે તે ત્રણેને છોડાવ્યા છે. પ્રભુ! દુઃખના દહાડા છોડવા હોય તો હવે આ કર. પરની એકત્વબુદ્ધિમાં દુઃખ છે અને પરના આશ્રયે થયેલા વિકારી ભાવ દુઃખરૂપ છે. દયા-દાનના ભાવ પરના આશ્રયે છે માટે તે છોડ ને સમ્યક્ નિશ્ચયને ગ્રહણ કર. તારા આત્મા સિવાય પરમાં તને પ્રેમ છે, પરાશ્રિત ભાવમાં પ્રેમ છે તે બધા દુઃખરૂપ છે. તારે જો હવે સુખી થવું હોય તો તેને છોડ.

પ્રભુ! તું ક્યાં છો? કોણ છો? ભાઈ! તારી હયાતીમાં જ્ઞાન અને આનંદ ભર્યા છે. તેને છોડીને પરના લક્ષે જેટલા વિકલ્પ ઊઠે છે તે દુઃખરૂપ છે. પરની એકતાબુદ્ધિનો ભાવ તો દુઃખરૂપ છે જ. પણ પરની એકતાબુદ્ધિ છૂટી ગઈ છે, સમ્યગ્દર્શન થયું છે છતાં પરના લક્ષે થતાં પરિણામ છે તે પણ દુઃખરૂપ છે, માટે આચાર્યદેવે તેને છોડાવ્યો છે.

સંતો તને સુખી થવા માટે એમ ઉપદેશ આપે છે કે તું પરની એકત્વબુદ્ધિ અને પરના લક્ષે થતો રાગ તેને છોડ અને સ્વનો આશ્રય કર. પરમાં સુખબુદ્ધિ છે તેને તો છોડ પણ પરના આશ્રયે થતાં ભાવને પણ છોડ. ભાઈ! તું તારા ઘરમાં કેમ આવતો નથી ને પર ઘરમાં કેમ રખડે છો! એ અમને અચરજ થાય છે. પ્રભુ! આવી વાત તને સાંભળવા મળી છતાં તું પરથી ખસીને અંદરમાં કેમ જતો નથી? બાપુ, તું તારી કરુણા કર, દયા કર, એકવાર પરની એકત્વબુદ્ધિથી અને પરાશ્રયભાવથી ખસી જઈને અંદરમાં ઠરી જા—એમ જિનેશ્વર દેવનું ફરમાન છે.

—o—

[ સંતોની વાણીમાં....પાનું ૭ થી ચાલુ ]

પર્યાયમાં ન આવે. દ્રવ્યનું જેવું સામર્થ્ય છે તેવું જ્ઞાન પર્યાયમાં આવે પણ દ્રવ્ય પર્યાયમાં ન આવે.

એ રીતે દરેક દ્રવ્યનો પથારો પોતાના ગુણ-પર્યાયમાં છે, વિસ્તાર પામે તોપણ તેમાં પામે છે, પરમાં વિસ્તાર પામે છે તેમ નથી. આવી વસ્તુસ્થિતિ છે. એનું તાત્પર્ય શું?—કે પરને અડતો નથી એનું તાત્પર્ય એ કે સ્વ તરફ ઢળવું. પરને કરતો નથી એનો અર્થ એ કે જ્ઞાતા તરફ ઢળવું. પદાર્થની સ્વતંત્રતા જાણવાનું આ તાત્પર્ય છે.

—o—

—પૂજ્ય ગુરુદેવશ્રી

# * વિષાપહાર સ્તોત્ર *

( પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન )

( પ્રવચન સાતમું- છેલ્લું-પૂર્વાર્દ્ધ )

આ વિષાપહાર નામનું સ્તોત્ર છે. શ્રી ધનંજય મહાકવિએ આ સ્તોત્ર રચ્યું છે. કવિના પુત્રને સર્પ કરડયો હતો, તેને ભગવાન પાસે લઈ જઈને નાખ્યો અને કવિ પોતે અંદર આત્માની વિચારધારામાં ચડી ગયા અને એમાંથી આ સ્તોત્ર રચ્યું. કુદરતે નિમિત્ત એવું મળી ગયું કે કવિએ તો રાગ-દ્વેષ વિનાશક ભગવાનની અર્થાત નિજ આત્માની ભક્તિ કરી અને વ્યવહારે જિનેન્દ્ર ભગવાનની ભક્તિ કરી ત્યાં આ બાજુ બાળકને સર્પનું ઝેર પણ ઊતરી ગયું.

**स्तुत्या परं नाभिमतं हि भक्त्या, स्मृत्या प्रणत्या च ततो भजामि।**
**स्मरामि देवं ! प्रणमामि नित्यम्, केनाप्युपायेन फलं हि साध्यम् ॥ ३२ ॥**

કિંતુ ન કેવલ સ્તુતિ કરને સે, મિલતા હૈ નિજ અભિમત ફલ,
ઈસ સે પ્રભુ કો ભક્તિભાવ સે, ભજતા હૂઁ, પ્રતિદિન પ્રતિપલ;
સ્મૃતિ કરકે સુમરન કરતા હૂઁ, પુનિ વિનમ્ર હો નમતા હૂઁ,
કિસી યત્ન સે ભી, અભિષ્ટ-સાધન કી ઇચ્છા રખતા હૂઁ. ૩૨.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પ્રભુ ઋષભદેવ ભગવાનની સ્તુતિ કવિરાજ કરે છે, તો તેમાં પોતાના આત્માની સ્તુતિ પણ સાથે આવી ગઈ. હે પ્રભુ! ત્રિલોકનાથ! આપ ગણધરાદિના સ્વામી-પતિ છો, તેમ આ આત્મા પણ પોતાની નિર્મળ પર્યાયનો પતિ છે અર્થાત્ પોતાની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર-લીનતા આદિરૂપ જે પ્રજા-પોતાની પર્યાય તેનો ચિદ્‌ઘન નિર્મળાનંદ આત્મા પોતે સ્વામી છે.

પ્રભુ! આપ ત્રિલોકીનાથની માત્ર સ્તુતિ કરવાથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થતી નથી. સ્તુતિ સાથે ભક્તિ-સ્મૃતિ ને નમસ્કૃતિ પણ હોવી જોઈએ. એટલે ? ભક્તિ નામ અંતરમાં ભજન કરવું, સ્મૃતિ એટલે પોતાનો શુદ્ધ સ્વભાવ અને ત્રિલોકીનાથ ભગવાનનું સ્વરૂપ અંદરમાં સ્મૃતિમાં લાવવું, યાદ કરવું અને નમસ્કૃતિ-નમઃકૃતિ-ચૈતન્યથી વિપરીત વિકાર અને સંયોગનો આદર ન કરતાં સત્ ચિદાનંદ, આનંદ કંદ, ધ્રુવસ્વભાવનું ધ્યાન કરવું-તેમાં લીનતા કરવી--આદર કરવો તેનું નામ નમસ્કૃતિ. બાકી માત્ર શરીરનાં નમવાથી કાંઈ પુણ્ય પણ ન થાય ને ધર્મ પણ ન થાય.

નિજ શુદ્ધાત્માની માત્ર વિકલ્પથી સ્તુતિ કરવાથી પર્યાયમાં નિર્મળતા-શાંતિ ન થાય પણ આનંદથી ભરપૂર ભરેલાં નિજ આત્માની ભક્તિ એટલે સ્વરૂપમાં એકાગ્રતા કરવી, અંદરમાં સ્મૃતિમાં ચૈતન્યને લાવવો અને વિકારનું વિસ્મરણ કરીને સ્વભાવમાં ઠરી જવું તેનું નામ ભગવાનની ને આત્માની સાચી ભક્તિ છે. બહારની શુભ રાગરૂપ ભક્તિનો વિકલ્પ આવે પણ તેની પાછળ શુદ્ધ નિર્મળાનંદમાં ઘૂસીને દૃષ્ટિ જ્ઞાન અને એકાગ્રતા કરવી તે જ નિશ્ચય ભક્તિ છે, સ્મૃતિ છે અને સાચાં નમસ્કાર છે. ભક્તિનો વ્યવહાર આવે પણ પરમાર્થ શ્રદ્ધા-જ્ઞાન-ભક્તિ વિના તે તો માત્ર પુણ્ય બંધનું કારણ છે.

માટે કહે છે કે પ્રભુ ! અખંડાનંદનો નાથ ! હું હંમેશા તારી ભક્તિ કરૂં છું, તારૂં રટણ કરૂં છું અને તને જ સ્મરણમાં લાવું છું. બીજુ કાંઈ મારાં સ્મરણમાં આવતું જ નથી. હું એક આપને જ નમસ્કાર કરૂં છું. કેમ કે ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ કોઈ પણ ઉપાયે કરી લેવી એ મારું ધ્યેય છે. ભગવાનની ભક્તિ કરતાં અંતરમાં નિજ પરમાત્માનું ભજન થઈ જાય તો તેનાથી આત્મા મુક્તિનું ઈચ્છિત ફળ પ્રાપ્ત કરી શકે છે. માટે કોઈ પણ હિસાબે આવું ભજન થવું જોઈએ. બાકી એકલો શુભભાવ તો પાપાનુબંધી પુણ્યનું કારણ છે.

હે ભગવન્ ! આપની સ્તુતિથી, ભક્તિથી, ધ્યાનથી, નમસ્કારથી જીવોને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે માટે હું હંમેશા આપની ભક્તિ કરું છું, ધ્યાન કરું છું, નમસ્કાર કરું છું. કેમ કે મારે કોઈ પણ ઉપાયે અંતરમાં કારણપરમાત્મામાં એકાગ્ર થઈને શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર કે જેનાથી મોક્ષની એટલે કે મારાં અભિલષિત ફળની પ્રાપ્તિ થાય છે તે પ્રગટ કરવા છે. શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા સિવાય બીજા કોઈ માર્ગે મોક્ષની સિદ્ધિ થતી નથી. માટે ગમે તેમ કરીને મારે આ માર્ગે ચાલીને મોક્ષફળ પ્રાપ્ત કરવું છે.

ततस्त्रिलोकीनगराधिदेवं, नित्यं परंज्योतिरनंतशक्तिम् ।
अपुण्यपापं परपुण्यहेतुं, नमाम्यहं वन्द्यमवन्दितारम् ॥ ३३ ॥

ઇસીલિયે શાશ્વત તેજોમય, શક્તિ અનન્તવન્ત અભિરામ,
પુણ્ય પાપ બિન, પરમ પુણ્ય કે કારણ, પરમોત્તમ ગુણધામ;
વંદનીય, પર જો ન ઔર કી, કરે વંદના કભી મુનીશ,
ઐસે ત્રિભુવન-નગર-નાથ કો, કરતા હૂં પ્રણામ ધર સીસ. ૩૩.

જુઓ ! આ આત્માની સ્તુતિ અને ભગવાનની સ્તુતિ ! બે પ્રકાર સાથે સાથે ચાલે છે. કહે છે હે પરમાત્મા ! ત્રણલોકરૂપી નગરના આપ અધિપતિ છો. કેમકે ત્રણ લોક અને ત્રણકાળનું જ્ઞાન આપને એક સમયમાં પ્રગટ થયું છે. જેવું ભગવાન જુએ

છે તેવું જ છદ્રવ્યનું પરિણમન થઈ રહ્યું છે તેથી ત્રણલોક ઉપર ભગવાનની આજ્ઞા ચાલે છે.

હે નાથ! આપની હું સ્તુતિ કરું છું. આપ તો વિનાશ રહિત છો. પ્રભુ! અંતરમાં જુઓ તો દ્રવ્યનો સ્વભાવ ત્રણલોક ત્રણકાળને જાણવાનો હોવાથી દરેક આત્મા ત્રણ લોકરૂપી નગરનો સ્વામી છે. દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ આ વાત છે. વળી કહે છે પ્રભુ! આપને કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થઈ છે તેનો કદી નાશ થવાનો નથી. આપના અનંતચતુષ્ટય–અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય તેનો કદી નાશ થતો નથી, તેમ આત્માના અનંતચતુષ્ટયનો—નિત્ય ધ્રુવ ચિદાનંદસ્વભાવનો ચારેય ગતિમાં પરિભ્રમણ કરવા છતાં કયાંય નાશ થતો નથી. નિત્ય શાશ્વત પદાર્થમાં કયારેય અનિત્યતા–અશાશ્વતતા આવતી નથી. આપ ભગવાન! શ્રેષ્ઠ અનંત જ્ઞાન સહિત છો ને મારો આત્મા પણ અનંત જ્ઞાનસ્વરૂપ છે. પરમાત્મા! આપને અનંત વીર્યપ્રગટ થયું. આપ કૃતકૃત્ય થઈ ગયાં. હવે આપને કાંઈ કરવાનું બાકી રહેતું નથી, તેમ મારો આત્મા પણ વસ્તુસ્વભાવે કૃતકૃત્ય છે. પર્યાયમાં પુણ્ય–પાપ છે પણ દ્રવ્યસ્વભાવ કૃતકૃત્ય છે.

પ્રભુ! આપને પુણ્ય–પાપ કાંઈ નથી પણ આપની જે ભક્તિ કરે છે એવા ભક્તને પુણ્યબંધમાં આપ કારણ છો ને નિજ-પરમાત્માની જે ભક્તિ–એકાગ્રતા કરે છે તેને આત્મા પવિત્રતાનું કારણ છે. પુણ્ય–પાપનું કારણ દ્રવ્યસ્વભાવ થતો નથી. પુણ્ય–પાપ ભાવ થવા તે વર્તમાન પર્યાયનો અપરાધ છે. નિરપરાધી આત્મા તો પવિત્રતાનું કારણ છે. અંદરમાં પવિત્રતા પડી છે તેથી આત્મા પવિત્રતાનું કારણ છે.

પ્રભુ! આપ વંદન કરવાલાયક છો પણ આપ કોઈને વંદન કરતા નથી. 'વિનયવંત ભગવંત કહાવે, નહિ કોઈકૂં શીશ નમાવે' પરમાત્મા પૂર્ણ નરમાશવાળા અનંત વીતરાગતાવાળા ને ઇચ્છા રહિત છે, તો વંદન કોને કરે? બીજા સંપ્રદાયમાં એવું આવે છે કે ભગવાન સમવસરણમાં બેસે ત્યારે પહેલા ચાર તીર્થને વંદન કરે છે પણ એ વાત બરાબર નથી. ભગવાનને ઇચ્છા જ નથી પછી વંદન કોને કરે?

જેમ ભગવાન કોઈને વંદન કરતાં નથી તેમ નિર્મળ આત્મસ્વભાવ પણ કોઈને વંદન–આદર કરતો નથી. નિર્મળપર્યાય સ્વભાવનો આદર–વંદન કરે છે પણ નિર્મળ દ્રવ્યસ્વભાવ કોઈને વંદન કરતો નથી. દૃષ્ટિનો વિષય એ તો પૂરો ભર્યો પડયો છે તે કોઈને નમતો નથી, કોઈનો સત્કાર કરતો નથી.

ભગવાન પુણ્યબંધનું કારણ છે પણ ભગવાનને કારણે સંવર–નિર્જરા થતાં નથી. દિવ્યધ્વનિ સાંભળવાથી પુણ્ય થાય પણ તેનાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એમ ત્રણકાળમાં બને નહિ. સમ્યગ્દર્શન તો નિજ પરમાત્માની ભક્તિથી થાય. ભગવાનની ભક્તિથી નહિ. આ મર્યાદા છે. પોતાના ચિદાનંદ ભગવાનની ભક્તિ કરતાં નિર્મળ પર્યાય થાય છે આમ વાત છે.

પ્રભુ! આપ કોઈને નમસ્કાર કરતાં નથી પણ આપને બધાં નમસ્કાર કરે છે. આવી આપની વિચિત્રતા જોઈને હું પણ પ્રભુ! આપને નમસ્કાર કરું છું. હું આપનો દાસ છું. એમ પોતાની નિર્મળ પર્યાય પોતાના દ્રવ્યસ્વભાવની દાસ છે તેથી પર્યાય દ્રવ્યને નમી પડે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટ થાય તે ત્રિકાળ દ્રવ્યની દાસ છે. પણ ત્રિકાળી દ્રવ્ય કોઈનું દાસ નથી.

अशब्दमस्पर्शमरूपगन्धं, त्वां नीरसं तद्विषयावबोधम् ।
सर्वस्य मातारममेयमन्यैर्जिनेन्द्रमस्मार्यमनुस्मरामि ॥३४॥

જો નહિ સ્વયં શબ્દ રસ સપરસ, અથવા રૂપ ગંધ કુછ ભી,
પર ઇન સબ વિષયોં કે જ્ઞાતા, જિન્હેં કેવલી કહે સભી;
સબ પદાર્થ જો જાનેં, પર ન જાન સકતા કોઈ જિનકો,
સ્મરણ મેં ન આ સકતા હૈ જો, કરતા હૂઁ સુમરન ઉનકો. ૩૪.

પ્રભુ! આપને શબ્દ નથી. આત્માને પણ શબ્દ નથી. પ્રભુ! આપને શબ્દ નથી તેમ રૂપ નથી, રસ નથી, ગંધ નથી આ બધું નથી છતાં તેને આપ જાણવાવાળા છો, આપ બધાંને જાણો છો પણ આપને બધાં જાણી શકતાં નથી. તેમ ભગવાન આત્મા બધાંને જાણે છે પણ વિકલ્પ ને રાગાદિ વિકાર આત્માને જાણી શકતા નથી. પોતાના નિર્વિકલ્પ-સ્વસંવેદનજ્ઞાન દ્વારા જ આત્મા જાણી શકાય છે. રાગાદિ ભાવો હોય ખરાં પણ તે આત્માને જાણે નહિ તેથી તેના વડે જન્મ-મરણનો નાશ ન થઈ શકે.

હે ભગવાન! આપ કોઈના સ્મરણમાં આવતાં નથી, એવું હું આપનું સ્મરણ કરું છું. વિકલ્પથી કે રાગથી આપ સ્મરણમાં આવતાં નથી પણ નિર્વિકલ્પ સ્વસંવેદન દ્વારા હું આપને સ્મરણમાં લઉં છું. મારાં જ્ઞાનમાં જોર કરીને, રાગરહિત થઈને હું આપને સ્મરણમાં લાવું છું. નિર્મળાનંદ જ્ઞાનપુંજ રાગમાં સ્મરણમાં ન આવે. દેહની ક્રિયાથી, વાણીની ક્રિયાથી, મનની ક્રિયાથી કે દયા-દાન-વ્રત-ભક્તિની ક્રિયાથી પણ ભગવાન આત્મા જાણવામાં આવી શકતો નથી. ત્રણલોક ત્રણકાળમાં આ એક જ વાત છે. જેને ગમે તે માને ન ગમે તે ન માને, સૌ સ્વતંત્ર છે, પણ વાત તો આમ છે. કવિ ભગવાનને કહે છે આ મારું પહેલું બાળસાહસ છે કે જેમાં હું આપને કળી ગયો છું અર્થાત્ જ્ઞાનક્રિયાથી આપને મેં જાણી લીધા છે.

अगाधमन्यैर्मनसाप्यलंघ्यं, निष्किंचनं प्रार्थितमर्थवद्भिः ।
विश्वस्य पारं तमदृष्टपारं, पतिं जिनानां शरणं व्रजामि ॥३५॥

લંઘ્ય ન ઔરોં કે મનસે ભી, ઔર ગૂઢ ગહરે અતિશય,
ધનવિહીન જો સ્વયં કિંતુ, જિન કા કરતે ધનવાન વિનય;
જો ઇસ જગ કે પાર ગયે પર, પાયા જાય ન જિન કા પાર,
ઐસે જિનપતિ કે ચરણોં કી, લેતા હૂઁ મૈં શરણ ઉદાર. ૩૫.

હે પ્રભુ! આપ ગણધર કે જે એક અંતર્મુહૂર્તમાં ૧૨ અંગની રચના કરે છે અને ચાર જ્ઞાનના ધારી છે એવા ગણધરદેવના પણ આપ સ્વામી છો. સર્વોત્કૃષ્ટ ઈશ્વર છો. નિશ્ચયથી મારો આત્મા સહજ આનંદકંદ ધ્રુવસ્વભાવ મારી નિર્મળ પર્યાયનો સ્વામી છે. પ્રભુ આપ ગંભીર! મનથી પણ ગ્રહણ ન થઈ શકો એવા અચિંત્ય ગંભીર છો.

નાથ! આપની પાસે ધન નથી છતાં ધનાઢ્યો પણ આપની પાસે આવીને પ્રાર્થના કરે છે. ભગવાનની સ્તુતિ કરતાં કવિના અંતરમાંથી હૃદયઉદ્‌ગાર નીકળી ગયા છે. ભગવાનને સમવસરણ છે પણ એ તો બહારની ચીજ છે. જગતની લક્ષ્મી ભગવાન પાસે નથી છતાં ઇન્દ્રો, નરેન્દ્રો, ધનાઢ્યો આપની પાસે આવીને યાચના કરે છે–પ્રાર્થના કરે છે, શરણ માગે છે, તેમ આત્મા પાસે પુણ્ય-પાપ, રાગ, વિકલ્પ આદિ જગતના ભાવો નથી છતાં નિર્મળ પર્યાય આત્માનું શરણ લેવા આવે છે. અરિહંતા મંગલમ્, ઉત્તમમ્, શરણમ્ વ્યવહારથી કહેવાય પણ ખરેખર તો રાગ-દ્વેષરૂપી અરિ નામ દુશ્મનને જીતનાર નિજ આત્મા જ શરણ છે, મંગલ છે અને ઉત્તમ છે.

પ્રભુ! આપ બધાંનાં પારને જાણો છો પણ આપના પારને કોઈ પામતું નથી. હે ભગવાન! આપ ઘણાં ગંભીર છો. ધૈર્યવાન, અગાધ ગુણથી ગંભીર છો. મનથી આપનું કોઈ ચિંતવન કરી શકતું નથી. આપની પાસે ધન-વૈભવ આદિ કાંઈ છે નહિ છતાં મોટા મોટા ધનવાનો આપની પાસે આશા રાખીને આવે છે. પ્રભુ! કાંઈક આપો, કાંઈક બોલો! આપનો કોઈ પાર પામી શકે તેમ નથી.

પોતાના દ્રવ્યનો અમર્યાદિત સ્વભાવ પર્યાયમાં કોઈ રીતે પૂરો પ્રગટ થઈ શકતો નથી. ત્રણલોકના નાથ નિમિત્ત તરીકે રક્ષક છે. ખરેખર તો પોતાનો પૂર્ણ દ્રવ્યસ્વભાવ જ પોતાની નિર્મળ પર્યાયનો રક્ષક છે, બીજું કોઈ પરદ્રવ્ય તેનું ખરેખર રક્ષક નથી.

(ક્રમશઃ)

# શુદ્ધરત્નત્રયનું ફળ : નિજ શુદ્ધ આત્માની પ્રાપ્તિ

[શ્રી નિયમસાર પરમાગમ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

પહેલી ગાથામાં આચાર્યદેવે નિયમસાર કહેવાની પ્રતિજ્ઞા કરી હતી. નિયમ એટલે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ અને સાર એટલે શુદ્ધતા; શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તે નિયમ-સાર છે. મોક્ષમાર્ગ શું અને તેનું ફળ શું તેનું આ બીજી ગાથામાં વર્ણન છે.

"सम्यग्दर्शनज्ञानचारित्राणिमोक्षमार्गः" શુદ્ધ આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે મોક્ષમાર્ગ છે. મોક્ષનગરમાં જવા માટેની સડક–શુદ્ધ રત્નત્રય છે. અનંત શકિતનો પિંડ આત્મા છે તેના આશ્રયે થયેલી રાગરહિત પ્રતીતિ, જ્ઞાન અને રમણુતા તે જ મોક્ષમાર્ગ છે. વચ્ચે વ્યવહારરત્નત્રયનો શુભ વિકલ્પ આવે તે ખરેખર મોક્ષ નથી પણ બંધમાર્ગ છે. મોક્ષનો માર્ગ તો નિરપેક્ષ છે, રાગમાં પરનું અવલંબન છે તે મોક્ષમાર્ગ નથી.

આત્માની પૂર્ણ સહજાનંદ દશા પ્રગટ કરવાને માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ માર્ગ છે. રત્નત્રય વગર મોક્ષફળ મળે નહિ. માટે શુદ્ધ રત્નત્રય તે જ મોક્ષનો માર્ગ છે અને મુક્તિરૂપી સ્ત્રીના વિશાળ કપાળમાં શોભા–અલંકારરૂપ તિલકપણું તે મોક્ષમાર્ગનું ફળ છે. મોક્ષરૂપી સ્ત્રીને વરવું તે માર્ગફળ છે. મોક્ષમાર્ગને રત્નની ઉપમા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે રત્નત્રય છે ને મોક્ષને સ્ત્રીની ઉપમા આપી છે. મોક્ષમાર્ગ પણ રાગરહિત છે ને તેનું ફળ તે પૂર્ણ આનંદમય મોક્ષદશા છે. આ પ્રમાણે માર્ગ અને માર્ગફળ—એમ બે પ્રકારનું કથન વીતરાગ સર્વજ્ઞદેવના શાસનમાં છે. સર્વજ્ઞ ભગવાને તો આવા મોક્ષમાર્ગ વડે મોક્ષદશા પ્રાપ્ત કરી છે. ચૈતન્યસ્વભાવના આશ્રયે થયેલાં શ્રદ્ધા જ્ઞાન ને રમણુતા તે માર્ગ છે ને પૂર્ણ મોક્ષદશા તે માર્ગફળ છે.

સમ્યગ્જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાનીનું જ નિમિત્ત હોય, બીજું મિથ્યા નિમિત્ત ન હોય, છતાં તે નિમિત્ત તરફના વલણુનો શુભરાગ તે મોક્ષમાર્ગ નથી. નિમિત્ત તરફના વલણુને છોડીને સ્વભાવના આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે તે જ મોક્ષમાર્ગ છે. આવી ગુરુઓની આજ્ઞા છે એટલે આવા વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે તે જ મોક્ષમાર્ગ છે. આવા વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા તે જ ગુરુની આજ્ઞાનું આરાધન છે. રાગમાં મોક્ષમાર્ગ માને તો તેણે વીતરાગની આજ્ઞા માની નથી.

વીતરાગ શાસનની આજ્ઞા તો એવી છે કે આત્માના આશ્રયે જે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર થાય તે જ મોક્ષનો માર્ગ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો શુભરાગ થાય તે

મોક્ષનો માર્ગ નથી. છતાં સમ્યગ્જ્ઞાન પામવામાં નિમિત્ત તરીકે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ હોય. અજ્ઞાનીની વાણીથી સમ્યગ્જ્ઞાન થઈ જાય એમ બને નહિ ને જ્ઞાની ગુરુ મળ્યા વિના એકલા શાસ્ત્રથી પણ સમ્યગ્જ્ઞાન પામી જાય એમ બને નહિ, જ્ઞાનીની જ દેશના નિમિત્ત તરીકે મળવી જોઈએ. પણ તે તો વ્યવહારમાં જાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનાં વલણમાં ખરેખર મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો નિજ પરમાત્મ-તત્ત્વની નિરપેક્ષ શ્રદ્ધા–જ્ઞાન ને ચારિત્ર તે જ છે. આવો માર્ગ પ્રગટ કરવો તે વીતરાગની આજ્ઞા છે. ચાર જ્ઞાનના ધરનારા ગણધરાદિ સંતોએ તો આવા માર્ગ અને માર્ગફળ બતાવ્યા છે. રાગને મોક્ષમાર્ગ કહ્યો નથી.

નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે અને તે શુદ્ધરત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ (–નિજ શુદ્ધ આત્માની—પ્રાપ્તિ) છે.

નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે. બીજા પરમાત્માની શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે, રાગ છે. પોતાના પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા તે નિરપેક્ષ છે, તે જ સમ્યગ્દર્શન છે. પરમ ઉત્કૃષ્ટ જ્ઞાયકસ્વભાવ પરમાનંદની મૂર્તિ એવા પોતાના આત્માની સમ્યક્ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. દેવ-ગુરુની શ્રદ્ધા તે વ્યવહાર છે, અહીં પરમાર્થ કથનમાં તે વ્યવહારની વાત ગૌણ છે.

નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહારજ્ઞાન છે; ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન થયું તે જ સમ્યગ્જ્ઞાન છે. શબ્દમાં કાંઈ જ્ઞાન નથી અને શબ્દ તરફનું જ્ઞાન તે પણ વ્યવહારમાં જાય છે. નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. નિજ પરમાત્મતત્ત્વમાં જ જ્ઞાનની પૂર્ણ શક્તિ ભરી છે, તેના જ આશ્રયે જ્ઞાન પ્રગટે છે. તે જ્ઞાન નિમિત્તમાંથી, રાગમાંથી કે પર્યાયમાંથી આવતું નથી પણ ધ્રુવ પરમાત્મતત્ત્વમાંથી જ તે જ્ઞાન પ્રગટે છે. એવું જ્ઞાન તે મોક્ષમાર્ગ છે.

ધ્રુવ પરમાત્મતત્ત્વ કદી ઢંકાયેલ છે જ નહીં, ધ્રુવ પરમાત્મતત્ત્વ તો સદા પ્રગટ જ છે, તેની સન્મુખ થતાં પર્યાયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. કોઈ જડ વસ્તુએ જ્ઞાનને રોકયું નથી. કોઈ પ્રશ્ન કરે કે આઠ વર્ષ પહેલાં કેવળજ્ઞાન કેમ નથી થતું? શું કોઈ આવરણ નડે છે? – તો કહે છે કે ના, કોઈ કોઈને નડતું નથી, પણ તે આત્માના જ્ઞાનની પર્યાયમાં જ તેવી લાયકાત છે. અંતરનાં જ્ઞાનમાં એકાગ્રતા નથી માટે જ્ઞાનનો વિકાસ અટકયો છે. કોઈ આવરણને કારણે જ્ઞાન અટકયું નથી. ધ્રુવ સ્વભાવ ત્રિકાળ છે તેનું અવલંબન લ્યે તેટલો જ્ઞાનનો વિકાસ થાય છે. આવા ધ્રુવ તત્ત્વના અવલંબને જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટયાં તે મોક્ષમાર્ગ છે, તે જ નિયમસાર છે.

અંતરમાં મોક્ષમાર્ગની જે રીત છે તે રીત ખ્યાલમાં ન આવે ને બહારમાં ભમ્યા કરે તો તેથી કાંઈ કાર્યસિદ્ધિ થાય નહીં. મોક્ષમાર્ગ પોતાના પરમાત્મતત્ત્વના આશ્રયે છે. નિજ પરમાત્મતત્ત્વ કોને કહેવું ? બીજા પરમાત્મા થયા તેની વાત જ નથી, કેમકે તેમના લક્ષે તો રાગ થાય છે, પોતાની પર્યાય ઊઘડી તે પર્યાય પણ પરમાત્મતત્ત્વ નથી, પણ જે ત્રિકાળી સ્વભાવ છે તે જ પરમાત્મતત્ત્વ છે, તેનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.

નિજ પરમાત્મતત્ત્વનું અનુષ્ઠાન તે સમ્યક્ ચારિત્ર છે. બહારમાં વ્રતાદિનું અનુષ્ઠાન તે શુભરાગ છે, તે ખરું ચારિત્ર નથી, પણ પુણ્ય-પાપની લાગણી વિનાની જે નિજ પરમાત્મતત્ત્વમાં એકાગ્રતારૂપ દશા તેજ સાચું અનુષ્ઠાન છે ને તે જ સમ્યક્ ચારિત્ર છે.

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્ર તે ત્રણેમાં નિજ પરમાત્મતત્ત્વનું જ અવલંબન છે. બહારમાં કોઈ પરનું અવલંબન નથી. નિજ પરમાત્મતત્ત્વ સિવાય કોઈ પણ પરનું અવલંબન શુદ્ધ રત્નત્રયમાં નથી, તેથી તે રત્નત્રય પરમ નિરપેક્ષ છે; આવા રત્નત્રયને વીતરાગશાસનમાં ચાર જ્ઞાનના ધારક આચાર્ય વગેરે સંતોએ મોક્ષમાર્ગ કહ્યો છે.

આ મોક્ષમાર્ગ પરમ નિરપેક્ષ છે. ધ્રુવ પરમાત્મતત્ત્વની જ અપેક્ષા છે, એ સિવાય કોઈ નિમિત્તની, વિકલ્પની કે વ્યવહારની અપેક્ષા શુદ્ધ રત્નત્રયને નથી. અહો ! રત્નત્રય પરમ નિરપેક્ષ છે ! આવું નિરપેક્ષ રત્નત્રય જ મોક્ષનો માર્ગ છે. નિમિત્તથી થાય કે રાગથી થાય—એવી અપેક્ષા મોક્ષમાર્ગને નથી. મોક્ષમાર્ગને પરની અપેક્ષા માને તો તેને અંતરતત્ત્વમાં વલણ થાય નહિ. અંતર સ્વભાવનો આશ્રય લીધો તેમાં કોઈ પરની, રાગની કે ભેદની અપેક્ષા નથી. આવો નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. નિમિત્ત કે રાગ હોય તે જ્ઞાન કરવા માટે છે, પણ તેની અપેક્ષાથી દર્શન-જ્ઞાન-ચારિત્ર ખીલશે એવી અપેક્ષા મોક્ષમાર્ગને નથી.

શુદ્ધ રત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્શ્રદ્ધા, તેનું સમ્યગ્જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ પરની તેમજ ભેદોની લેશ પણ અપેક્ષા રહિત હોવાથી તે શુદ્ધ રત્નત્રય મોક્ષનો ઉપાય છે; તે શુદ્ધ રત્નત્રયનું ફળ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ અર્થાત્ મોક્ષ છે.

જેને સ્વની અપેક્ષા છે ને પરની અપેક્ષા નથી, એવો મોક્ષમાર્ગ છે. રાગની સાપેક્ષતાથી મોક્ષમાર્ગ વર્તતો નથી પણ રાગના અભાવથી ને ધ્રુવ ચૈતન્ય પરમાત્મ-તત્ત્વના આશ્રયથી જ મોક્ષમાર્ગ વર્તે છે.

શુદ્ધ રત્નત્રયને અશુદ્ધતાની અપેક્ષા નથી; વ્યવહારરત્નત્રય છે માટે નિશ્ચય-રત્નત્રય છે—એવી વ્યવહારની અપેક્ષા મોક્ષમાર્ગને નથી. નિરપેક્ષ મોક્ષમાર્ગમાં પરની

કે ભેદની અપેક્ષા નથી. પહેલો ભેદ કે રાગ આવે પણ તે મોક્ષમાર્ગનું કારણ નથી. મોક્ષમાર્ગ તો રાગની અપેક્ષાથી રહિત છે.

નિરાલંબી મુક્તિમાર્ગ છે, એકલા સ્વભાવના જ અવલંબને મોક્ષમાર્ગ છે. પરમ નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. કોઈ કહે શું મોક્ષમાર્ગમાં વ્યવહાર નથી? તો કહે છે કે: વ્યવહારમાં વ્યવહાર છે, પણ નિરપેક્ષ મોક્ષમાર્ગમાં તે વ્યવહાર નથી. પરમાત્મતત્ત્વના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટયાં તેમાં વ્યવહારની અપેક્ષા નથી. શુભરાગ હોય ભલે પણ મોક્ષમાર્ગ તેના આશ્રયે નથી. જ્ઞાની ગુરુ નિમિત્ત હોય પણ તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન થતું નથી. સમ્યગ્જ્ઞાન તો નિજ પરમાત્મતત્ત્વના આશ્રયે જ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોઈ પરનાં આશ્રયે પ્રગટે એવું તેનું સ્વરૂપ જ નથી. નિરપેક્ષ મોક્ષમાર્ગ એકલા સ્વભાવના જ આશ્રયે છે. જ્ઞાની ગુરુ પણ એમ બતાવે છે કે તું તારા સ્વભાવની સન્મુખ થા તો તને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટશે. નિમિત્તની સામે જોતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય નહીં. આમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિરપેક્ષ છે એમ સમજીને નિજ પરમાત્મતત્ત્વના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે ત્યારે ગુરુના નિમિત્તની અપેક્ષા વ્યવહારે લાગુ પડે છે. પણ મોક્ષમાર્ગ તો નિરપેક્ષ વીતરાગી છે. અંતરમાં અભેદતા થાય તે મોક્ષમાર્ગ છે. ભેદ પાડીને વિકલ્પ થાય તે મોક્ષમાર્ગ નથી. શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ "પરમ નિરપેક્ષ" છે—આવો સંતોનો ઉપદેશ છે. સમ્યગ્દર્શન પણ પરમ નિરપેક્ષ છે. સમ્યગ્જ્ઞાન પણ પરમ નિરપેક્ષ ને સમ્યક્ચારિત્ર પણ પરમ નિરપેક્ષ છે. આવા પરમ નિરપેક્ષ રત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે—એવો ગણધરોનો ઉપદેશ છે. મારા આત્માને માટે બધાંય પરદ્રવ્યો અભાવસ્વરૂપ છે, તેમનું અવલંબન મારે નથી. મારો ધ્રુવ પરમાત્મસ્વભાવ જ મારા રત્નત્રયનો આશ્રય છે; કયાંય પણ પરના આશ્રયે લાભની જેની માન્યતા છે તેણે મોક્ષમાર્ગને નિરપેક્ષ માન્યો નથી. પંચમહાવ્રતાદિની વૃત્તિ ઊઠી તેના અવલંબને મારું ચારિત્ર ખીલશે—એવી જેની માન્યતા છે, તેને ધ્રુવ પરમાત્મતત્ત્વના અવલંબને મારો મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિ નથી.

સમ્યગ્દર્શનમાં પણ પરની કે વિકલ્પની અપેક્ષા નથી, સમ્યગ્જ્ઞાનમાં પણ પરની કે વિકલ્પની અપેક્ષા નથી ને સમ્યક્ચારિત્રમાં પણ પરની કે વિકલ્પની અપેક્ષા નથી. આવા નિરપેક્ષ રત્નત્રય તે મોક્ષમાર્ગ છે. ભવ્ય સમૂહ આવા મોક્ષમાર્ગને જાણીને મોક્ષ પામે તે માટે આ શાસ્ત્ર રચ્યું છે. પોતાનો આત્મા પરિપૂર્ણ અનંત શક્તિનો પિંડ છે, તેમાં બીજા કોઈની અપેક્ષા નથી. અભેદ ચૈતન્યની અપેક્ષા છે ને ભેદની અપેક્ષા નથી. સ્વની અપેક્ષા છે ને પરની અપેક્ષા નથી. આવો પરમ નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. વીતરાગ સંતોએ તો આવો વીતરાગી માર્ગ કહ્યો છે. સ્વયંસિદ્ધ ચિદાનંદ પરમતત્ત્વ

છે, તેના અવલંબન સિવાય બીજા કોઈની અપેક્ષા મોક્ષમાર્ગને નથી. આવો નિરપેક્ષ વીતરાગી શુદ્ધરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ છે.

"અને તે શુદ્ધરત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ (-નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિ) છે." પોતાના આત્માની પૂર્ણ શુદ્ધ મુક્તદશા પ્રગટે તેનું નામ શુદ્ધ આત્માની પ્રાપ્તિ છે. વચ્ચે દેવપદ મળે તે રાગનું ફળ છે, તે કાંઈ મોક્ષમાર્ગ નથી. નિરપેક્ષ મોક્ષમાર્ગ પોતામાં છે ને તેનું ફળ પણ પોતામાં છે. પોતાનો આત્મા જ ભગવાન થાય તે મોક્ષમાર્ગનું ફળ છે.

જુઓ! વીતરાગી સંતોએ કેવો નિરપેક્ષ મોક્ષમાર્ગ બતાવ્યો છે! આવા નિરપેક્ષ મોક્ષમાર્ગને પોતે સાધી રહ્યા છે, ને તે સાધતાં સાધતાં આ રચના થઈ ગઈ છે. સંતોને વ્હાલામાં વ્હાલી મુક્તિદશા છે, તે જ તેમને પ્રિય છે તેથી તેને સ્ત્રીની ઉપમા આપી છે. જગતને પ્રિય સ્ત્રી છે, તો સંતોને પ્રિય મુક્તિરૂપી સ્ત્રી છે. મુનિ થઈને મોક્ષને સ્ત્રીની ઉપમા કેમ આપી? તો કહે છે કે સંસારના જીવોને સ્ત્રીની પ્રીતિ છે તે છોડાવીને મોક્ષની પ્રીતિ કરાવવા તેને સ્ત્રીની ઉપમા આપી છે. સંસારની પ્રીતિને મોક્ષ તરફ વાળી દીધી છે. સંતો તો નિરપેક્ષ છે.

હવે બીજી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ—

**શ્લોકાર્થઃ મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતાં સુખ તરફ ગતિ કરે છે અને વળી ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે. જે પંડિત ક્યારેક જિનવરના માર્ગને પામીને નિજ આત્મામાં રત થાય છે, તે ખરેખર આ મુક્તિને પામે છે. ૯.**

મુનિરાજ કહે છે કે સ્ત્રી આદિના વિષયોમાં તો જગતના જીવો અનાદિથી રત થઈ રહ્યા છે, તે તો સંસારનું કારણ છે, પણ જિનવરના માર્ગને પામીને જે પોતાના આત્મામાં રત થાય તે ખરા પંડિત છે, ને તે જ મોક્ષ પામે છે.

પંડિત તેને કહેવાય કે જે જીવ જિનવરના નિરપેક્ષ માર્ગને સમજીને પોતાના આત્મામાં રત થાય છે ને તે જ ખરેખર આ મુક્તિને પામે છે. આત્મામાં રત થવાનું કહ્યું તે માર્ગ કહ્યો; ને તેનું ફળ મોક્ષ પામે છે-એમ કહ્યું. એ રીતે મૂળ-સૂત્રમાં કહેલાં માર્ગ અને માર્ગફળ એ બન્નેની વાત કળશમાં સમાવી દીધી છે. (ક્રમશઃ)

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ અનિત્ય ભાવનાનું વર્ણન છે. આત્મા નિત્ય જ્ઞાનાનંદ છે—એવું નિજઘર જેણે જોયું છે તે જ જીવ જગતના પદાર્થોની પર્યાયની અનિત્ય ભાવના ભાવે છે. જેને પર્યાયબુદ્ધિ હોય એટલે કે પર્યાયની ક્ષણિકતાને ન જાણતાં તેને સ્થિર રાખવા માગતો હોય તેને ખરી અનિત્ય ભાવના હોતી નથી એટલે કે ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિપૂર્વકની આ અનિત્ય ભાવના છે એમ સમજવું. પુણ્ય-પાપ દેહાદિને અનિત્ય માને અને વળી તેનાથી લાભ માને તો તેને અનિત્ય ભાવના હોતી નથી. જેનાથી લાભ માને તેને તો સ્થિર રાખવા માગે. અજ્ઞાની પોતાના ધ્રુવ ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ છોડીને પર સંયોગોથી લાભ માનીને તેને સ્થિર રાખવા માગે છે તે મોહનું માહાત્મ્ય છે એમ હવે કહે છે:—

जलबुद्बुदसद्दशं धनयौवनजीवितं अपि पश्यन्तः ।
मन्यन्ते तथापि नित्यं अति बलिष्टं मोहमाहात्म्यम् ।। २१ ।।

**અર્થ :—આ પ્રાણી, ધન-યૌવન-જીવન જલના બુદ્‌બુદની માફક તુરત વિલય પામી જતાં જોવા છતાં પણ તેને નિત્ય માને છે એ જ મોટું આશ્ચર્ય છે—એ જ મોહનું મહા બળવાન માહાત્મ્ય છે. ૨૧૦.**

જગતમાં દેખાય છે કે લક્ષ્મી ક્ષણમાં ચાલી જાય છે. દેહનો ક્ષણમાં વિનાશ થઈ જાય છે ને ચૈતન્યદશા પલટીને વૃદ્ધાવસ્થા થઈ જાય છે. અરે! ૨૦–૨૫ વર્ષના જુવાનજોધ માણસો ક્ષણમાં જીવન પૂરું કરીને ચાલ્યા જાય છે. આવી અનિત્યતા નજરે જોવા છતાં મોહને લીધે જીવ તે શરીર-ધન-જીવન વગેરેને નિત્ય માનીને તેમાં મોહિત થઈ રહ્યો છે. એ મોટું આશ્ચર્ય છે. મૃત્યુ વગેરે દેખીને ક્ષણિક વૈરાગ્ય આવે તેની આ વાત નથી. આ તો ધ્રુવ ચૈતન્યની ભાવના સહિત, અનિત્ય પદાર્થો પ્રત્યેના વૈરાગ્યની વાત છે. પાણીના પરપોટાની માફક આ પદાર્થોનો સંયોગ ક્ષણિક છે. ધન-યૌવન કે જીવન તો પાણીના પરપોટા જેવા અસ્થિર છે. એ વાત નજરે દેખાય છે કે તે બધું ક્ષણમાં વિલય પામી જાય છે, છતાં જીવ તેને સ્થિર રાખવાની ભાવના છોડતો નથી ને ધ્રુવ દ્રવ્યના આશ્રયની ભાવના કરતો નથી. તે મોહનું મહા બળવાન માહાત્મ્ય છે. જુઓ, કર્મનું જોર નથી પણ અજ્ઞાની જીવ પોતે મોહભાવ કરે છે તેનું જ બળ છે.

જેમ સ્વપ્ન સ્થિર રહેતું નથી. તેમ શરીર, ધન, વગેરે પણ જીવની પાસે સ્થિર રહેતાં નથી. એ તો ક્ષણિક છે. જુવાન શરીર હોય ને પરણવા જાય ત્યાં માંડવામાં જ આયુષ્ય પૂરું થઈ જાય! આવા પ્રસંગો દેખીને પણ મૂઢ જીવો પોતે અંતરમાં ધ્રુવ દ્રવ્યસ્વભાવ તરફ વળતાં નથી—એ આશ્ચર્ય છે. ધર્માત્માને તો અંદર ધ્રુવ ચૈતન્યના ભાન પૂર્વક સંયોગોમાં અનિત્યતાની ભાવના નિત્ય રહે છે. પર્યાયને સ્થિર રાખી શકે એવી કોઈની તાકાત નથી, માટે તે પર્યાયની ભાવના છોડીને, તારી જ્ઞાયક શક્તિ ધ્રુવ પડી છે તેની ભાવના કર. અંદર કેવળજ્ઞાનના ભંડાર ભર્યા છે તેને ખોલ!

જુઓ, સંતો–મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને એવો પણ શુભ વિકલ્પ આવે છે કે ગૃહસ્થ શ્રાવકો જિનમંદિર કરાવે. જિનબિંબ પ્રતિષ્ઠા કરાવે. ધર્મના મહોત્સવ કરે. એમાં આશય તો એવો છે કે તે તે ભૂમિકામાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પ્રભાવના વગેરેનો શુભ ભાવ આવ્યા વિના રહેતો નથી, તેથી તેનું વર્ણન કર્યું છે.

અરે! જગતના જીવો લક્ષ્મીને નિત્ય માની રહ્યા છે. તેને બદલે તેને અધ્રુવ જાણે તો તેનો રાગ ઘટયા વિના રહે નહિ. જેને આત્માની પ્રીતિ થાય તેને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ બહુમાન આવ્યા રહે નહિ અને તેને માટે લક્ષ્મી વગેરે વાપરવાનો ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ, તેથી મુનિવરોએ પણ તેનો ઉપદેશ કર્યો છે. સ્વભાવના ભાન પૂર્વકની ભૂમિકામાં તેમ જ ત્યાર પહેલાં પણ આવો ભાવ આવ્યા વિના રહેતો નથી શરીરાદિની અનિત્યતા જાણે અને તેના ઉપરથી મમતા ન ઘટે એમ બને નહિ. અહીં કહે છે કે અરે જીવ! એ નિશ્ચિત છે કે જીવન, ધન અને યૌવન તો ક્ષણમાં વિલય પામી જશે એ કોઈ ધ્રુવ રહેવાના નથી. ધ્રુવ તો આત્માનો જ્ઞાનાનંદસ્વભાવ છે. આવા વસ્તુસ્વરૂપના ભાન વિના મોહથી જીવો દેહાદિના સંયોગોમાં સ્થિરતાની બુદ્ધિ કરે છે.

ભાવાર્થ:—વસ્તુનું સ્વરૂપ અન્યથા જણાવામાં મદ્યપાન, જ્વરાદિ રોગ, નેત્ર વિકાર અને અંધકાર ઇત્યાદિ અનેક કારણો છે પરંતુ આ મોહ તો એ સર્વથી પણ બળવાન છે કે જે પ્રત્યક્ષ વસ્તુને વિનાશીક દેખે છે છતાં તેને નિત્યરૂપ જ મનાવે છે તથા મિથ્યાત્વ, કામ, ક્રોધ, શોક ઇત્યાદિ બધા મોહના જ ભેદ છે. એ બધાય વસ્તુ-સ્વરૂપમાં અન્યથા બુદ્ધિ કરાવે છે.

વસ્તુસ્વરૂપને વિપરીત દેખવામાં નિમિત્ત તરીકે મદ્યપાન, નેત્રવિકાર વગેરે ઘણા છે. પણ મૂળ કારણ તો જીવનો મોહભાવ જ છે. ઊંધી માન્યતાને લીધે જીવ અનિત્ય પદાર્થોને શરણભૂત માને છે. કુદેવ-કુગુરુને આદરે છે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એમ માને છે—આ બધામાં મોહનું માહાત્મ્ય છે, મોહને લીધે જીવ અનિત્ય વસ્તુને

પણ નિત્યરૂપ માને છે. જુઓ, કોઈ બીજો તેને ભૂલ કરાવતો નથી પણ જીવ પોતે મોહથી–મિથ્યાત્વથી વસ્તુસ્વરૂપને વિપરીત માને છે. તે જ સંસારનું કારણ છે. અજ્ઞાની ચૈતન્યના સુખને મૂકીને, કામ વાસનાને લીધે વિષયોમાં પણ સુખ માને છે. વિષયો દુઃખ દાયક હોવા છતાં અજ્ઞાનીને કામ વાસનાને લીધે તેમાં સુખ લાગે છે. વળી ક્રોધને લીધે પણ જીવ વસ્તુસ્વરૂપને ઊંધું દેખે છે. હું ક્રોધ અને કડકાઈ રાખું તો બધાય મારું માને અને વ્યવસ્થા સરખી ચાલે. એમ જે માને છે તે જીવ પણ મોહી છે. ક્રોધ તો પ્રત્યક્ષ દુઃખરૂપ છે છતાં જીવ તેને હિતરૂપ માને છે. ધર્મીને અલ્પ ક્રોધ થાય ત્યાં તે જ વખતે તેની દૃષ્ટિમાં ક્રોધ રહિત શાંત સ્વરૂપનું ભાન છે અને ક્રોધને તે દુઃખરૂપ જાણે છે.

ખૂબ રોઈ લેવા દો એટલે તેનું હૈયું ખાલી થાય—એમ અજ્ઞાની માને છે. પણ અરે ભાઈ! રોવાનો ભાવ તે તો શોક છે, તે તો આર્ત્તધ્યાન છે, પાપ છે. શું તેનાથી શાંતિ થાય! અરે! તારા નિત્ય ચિદાનંદ સ્વભાવને યાદ કરીને શોકને છોડ તો શાંતિ થાય. અનંતા સંતો ચિદાનંદસ્વરૂપનું ધ્યાન કરીને કેવળજ્ઞાન પામ્યા છે, માટે તે ચિદાનંદસ્વરૂપની ભાવના કર. જેને ચિદાનંદસ્વરૂપની ભાવના નથી અને અનિત્ય સંયોગમાંથી સુખ લેવા માગે છે, તથા ક્રોધ-કામ-શોક વગેરેને સુખરૂપ માને છે તે જીવ મોહથી મૂઢ થયેલા છે.

વાસુદેવ–બળદેવ બન્ને ભાઈઓ મહા જોદ્ધા છે, તેમાં પહેલાં વાસુદેવ મરે એવો અનાદિ નિયમ છે, અને પછી બળદેવ મોહને વશ ભાઈના મૃતક શરીરને છ મહિના સુધી ખંભે ઉપાડીને ફરે છે! જુઓ મોહ!! તેને તો તે વખતે અંતરમાં આત્માનું ભાન છે. લક્ષ્મણને રામચંદ્રજી ઉપર કેવો પ્રેમ છે તેની પરીક્ષા કરવા દેવોએ લક્ષ્મણને કહ્યું :—"રામચંદ્રજી સ્વર્ગવાસ પામ્યા" એ વાત સાંભળતા જ "હા! રા.........મ" એમ બોલતાં જ લક્ષ્મણજીનો દેહ છૂટી ગયો. જુઓ, ક્ષણિકતા! દેહાદિ કાંઈ પણ સ્થિર રહેનાર નથી–એમ જાણીને હે જીવ! તું તારા નિત્ય ચિદાનંદની ભાવના કર ને મહા મોહને છોડ.

હવે આ અનિત્ય અધિકારની છેલ્લી ગાથા કહે છે :—

त्यक्त्वा महामोहं विषयान् श्रुत्वा भंगुरान् सर्वान् ।
निर्विषयं कुरुष्व मनः येन सुखं उत्तमं लभते ।। २२ ।।

**અર્થ :—હે ભવ્યજીવ! તું સમસ્ત વિષયોને વિનાશીક સાંભળીને મહા મોહને છોડી તારા અંતઃકરણને વિષયોથી રહિત કર! જેથી તું ઉત્તમસુખને પ્રાપ્ત થાય.**

અરે જીવ! અમારી પાસેથી તેં ચૈતન્યશક્તિનું શ્રવણ કર્યું અને વિષયોની ક્ષણભંગુરતાને જાણી, તો હવે તો તારા ધ્રુવસ્વભાવની ભાવના કરીને મહામોહને છોડ. વિષયો વિનાશીક છે, એમ જાણીને પર વિષયોની રુચિ છોડીને, સ્વ-વિષયને દૃષ્ટિમાં લે. ચિદાનંદ દ્રવ્યની રુચિ કરીને અને વિષયોની પ્રીત છોડીને તારા અંતઃકરણને વિશુદ્ધ કર. તારા અંતરને વિષયોથી ખાલી કર તો તેમાં ચૈતન્યની દૃષ્ટિ સમાશે, વિષયોની અનાદિથી જેવી પ્રીતિ છે તેવી જ પ્રીતિ રહે તો તેને ચૈતન્યસ્વભાવ દૃષ્ટિમાં નહિ આવે. અહીં તો કહે છે કે અહો! જે જીવ આવી અનિત્ય ભાવના સાંભળીને નિત્ય ધ્રુવ એવા સ્વદ્રવ્યની ભાવના કરશે અને ક્ષણિક વિષયોની ભાવના છોડશે તે ભવ્ય જીવ અલ્પકાળમાં સિદ્ધ દશાનાં સુખને પામશે.

**ભાવાર્થ** :—ઉપર કહ્યા પ્રમાણે સંસાર-દેહ-ભોગ-લક્ષ્મી ઇત્યાદિ સર્વ અસ્થિર દર્શાવ્યા, તેને સાંભળી જે પોતાના મનને વિષયોથી છોડાવી આ અસ્થિર ભાવના ભાવશે તે ભવ્ય જીવ સિદ્ધપદના સુખને પ્રાપ્ત થશે.

**द्रव्यदष्टितैं वस्तु थिर पर्यय अथिर निहारि ।**
**उपजत विनशत देखिकैं हरष विषाद निवारि ।।**

અરે જીવ! અનંતકાળ વિષયોમાં હર્ષ-શોક કર્યાં પણ તેમાં આત્માનું હિત થયું નથી. માટે વૈરાગ્ય પામીને હર્ષ-શોકને છોડ. દ્રવ્યદષ્ટિથી વસ્તુ સ્થિર છે—એમ જાણીને તેની ભાવના કર! અને પર્યાય દૃષ્ટિથી વસ્તુ અસ્થિર છે—એમ જાણીને તેમાં હર્ષ-શોકને છોડ. અરે જીવ! હવે વૈરાગ્ય પામ........વૈરાગ્ય પામ! તીર્થંકર ભગવંતો દીક્ષા લેતાં પહેલાં ગૃહસ્થાશ્રમમાં આવી ભાવનાઓ ભાવે છે.

જુઓ, શ્રી ઋષભદેવ ભગવાન રાજસભામાં બિરાજતા હતા, અપ્સરાઓ ભક્તિથી નૃત્ય કરતી હતી, ત્યાં નૃત્ય કરતાં કરતાં જ નીલાંજના નામની દેવીનું આયુષ્ય પૂરું થઈ ગયું. ભગવાનના ખ્યાલમાં તે વાત આવી ગઈ, અને તરત જ વૈરાગ્ય પામીને અનિત્ય ભાવના વગેરે બાર ભાવના ચિંતવવા લાગ્યા. અહો! આખો સંસાર અનિત્ય છે. વીજળીના ઝબકારાની માફક ક્ષણમાં વિલય પામી જાય છે. અંદર ધ્રુવ ચૈતન્યનું ભાન હતું અને આવી ભાવના ભાવીને વૈરાગ્ય પામીને દીક્ષિત થયા, એ રીતે આ વૈરાગ્ય ભાવનાઓ જીવે ક્ષણેક્ષણે ભાવવા જેવી છે.

એ પ્રમાણે પહેલી અધ્રુવ ભાવના પૂરી થઈ. હવે અશરણ ભાવના કહે છેઃ—

# * અશરણ ભાવના *

तत्र भवे किं शरणं यत्र सुरेन्द्राणां दृश्यते विलयः।
हरिहरब्रह्मादयः कालेन च कवलिताः यत्र ॥ २३ ॥

અર્થ:—જે સંસારમાં દેવોના ઇંદ્રોનો પણ વિનાશ જોવામાં આવે છે, જ્યાં હરિ અર્થાત્ નારાયણ, હર અર્થાત રૂદ્ર અને વિધાતા અર્થાત્ બ્રહ્મા તથા આદિ શબ્દથી મોટા મોટા પદવીધારક સર્વ કાળ વડે કોળીઓ બની ગયા તે સંસારમાં શું શરણરૂપ છે?

અહો! પોતાનું ચિદાનંદતત્ત્વ જ જીવને શરણભૂત છે. એ સિવાય ચક્રવર્તીપદ કે બળદેવ-વાસુદેવ પદ વગેરે કાંઈ જીવને શરણ નથી માટે હે જીવ! તારા સ્વભાવને શરણભૂત જાણીને તેની જ શ્રદ્ધા કર.

સર્વજ્ઞ ભગવાન કહે છે કે હે જીવ! તને બહારમાં શરણ નથી. દેહથી નિરાળો આત્મા જ શરણભૂત છે. મોટા મોટા રાજાઓ ને ઇંદ્રો પણ કાળનો કોળિયો થઈ જાય છે, તો જીવને કોણ શરણભૂત છે? કોઈ શરણ નથી. શરણ તો તેને કહેવાય કે જે પોતાની રક્ષા કરે, રક્ષા કરનાર તો પોતાનો જ્ઞાનાનંદસ્વભાવ છે, તે જ શરણભૂત છે.

सिंहस्य क्रमे पतितं सारङ्गं यथा न रक्षते कः अपि।
तथा मृत्युना च गृहीतं जीवं अपि न रक्षते कः अपि ॥ २४ ॥

અર્થ:— જેમ જંગલમાં સિંહના પગ તળે પડેલા હરણને કોઈ પણ રક્ષણ કરવાવાળું નથી, તેમ આ સંસારમાં કાળ વડે ગ્રહાયેલા પ્રાણીને કોઈ પણ રક્ષણ આપી શકતું નથી.

જ્યાં કાળ પૂરો થયો ત્યાં કોણ શરણ થાય તેમ છે? એક ક્ષણ પણ કોઈ શરણભૂત નથી. મોટા રાજાઓ જંગલમાં અશરણપણે મરે છે. મરવા ટાણે ચારેકોર સગાંવહાલાં ઉભાં હોય પણ મરનાર જીવને તે કોઈનું શરણ નથી. જીવને શરણ તો શુદ્ધ રત્નત્રય જ છે. મરણનો દાખલો આપ્યો છે, પરંતુ જીવતાં પણ જીવને કોઈ બીજું શરણભૂત નથી, આમ જાણીને વીજળીના ઝબકારા જેવા આ મનુષ્ય દેહમાં ભેદ-વિજ્ઞાન કરી લ્યો.

यदि देवः अपि च रक्षति मन्त्रः तन्त्रः च क्षेत्रपालः च।
म्रियमाणं अपि मनुष्यं तत् मनुजाः अक्षयाः भवन्ति ॥ २५ ॥

અર્થ:—મરણને પ્રાપ્ત થતાં મનુષ્યને જો કોઈ દેવ મંત્ર તંત્ર ક્ષેત્રપાલ અને ઉપલક્ષણથી લોક જેને રક્ષક માને છે તે બધાય રાખવાવાળા હોય તો મનુષ્ય અક્ષય થઈ જાય અર્થાત્ કોઈ પણ મરે જ નહિ.

મરતાં મનુષ્યને જો કોઈ મૃત્યુથી બચાવી શકતું હોય તો તો જગતમાં કોઈ મરે જ નહિ, "મૃત્યુજય" મંત્ર જપે, પણ તે કોઈ જીવને મૃત્યુથી બચાવનાર નથી. જે દોરા ધાગા કરે છે તે તો તીવ્ર મૂઢતા છે. સર્વજ્ઞનો ભક્ત કુદેવ-દેવલાને માને નહિ. દોરા ધાગા કરે નહિ. અહો! એક ચૈતન્ય જ શરણ છે. એને સંભાળ, દેહ તો તેના કાળે ચાલ્યો જશે અહો! અરિહંતોએ કહેલો મારો આત્મસ્વભાવ જ મને શરણ છે. મોહને વશ થઈને જીવ મંત્ર-તંત્ર-પૂજા વગેરે ઉપાય વડે જીવન રાખવા માગે છે, પણ તે કોઈ શરણ થતું નથી. એકનો એક જુવાન દીકરો મરવાની તૈયારીમાં હોય, અને કોઈ કહે કે અમુક માન્યતા કરો તો દીકરો મરતો બચી જશે તો ભગવાનનો ભક્ત તેને માને નહિ. ધર્મનું ફળ અમર છે. તેથી ધર્મ જ અમરફળ છે. એ સિવાય બીજું કોઈ 'અમરફળ' દુનિયામાં નથી.

**अतिबलिष्टः अपि रौद्रः मरणविहीनः न दृश्यते कः अपि ।**
**रक्षमाणः अपि सदा रक्षा प्रकारैः विविधैः ।। २६ ।।**

અર્થ:—આ સંસારમાં અતિ બળવાન અને અતિ રૌદ્ર-ભયાનક અનેક રક્ષણના પ્રકારોથી નિરંતર રક્ષણ કરવામાં આવતાં છતાં પણ મરણ રહિત કોઈ પણ દેખાતું નથી.

મજબૂત કિલ્લામાં રહે ને ચારે કોર ચોકી રાખે છતાં પણ મૃત્યુથી કોઈ બચી શકતું નથી. પર્યાય તો પલટી જશે જ. માટે તેની સામે ન જો, નિત્ય ચિદાનંદ પ્રભુ એવો તારો આત્મા જ તને શરણભૂત છે, માટે તેની સામે જોઈને તેની ભાવના કર. અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ એમ કહેવાય તે નિમિત્તથી છે, ખરેખર તે કોઈ જીવને શરણ આપવા આવતા નથી. શરણ તો પોતાનો આત્મા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ જીવનું સાચું શરણ છે. ગમે તે ઉપાયથી દેહનું રક્ષણ કરવા માગે તો તે થઈ શકે તેમ નથી, ઉપયોગને અંતરમાં વાળીને જેણે ચૈતન્યમાં સ્થિર કર્યો તેણે પોતાના ઉપયોગનો એવો ગઢ રચ્યો કે દેહમાં લાખો વીંછી કરડે તોય ચૈતન્યનું શરણ છૂટે નહિ. આવા ચૈતન્યને ઓળખીને તેનું શરણ કરવા જેવું છે. આ સિવાય જગતમાં કોઈ શરણ નથી.

(ક્રમશઃ)

[ સ્વતત્ત્વના સ્વીકાર વડે......ટાઈટલ ૨ થી ચાલુ ]

ઓળખી શકયા ને સિંહ જેવી ક્રૂર-હિંસક તિર્યંચ દશામાં આત્મદર્શન પામી ગયા....! અહીં પણ ઉપાદાનકારણુની જ સિદ્ધિ થઈ, સાક્ષાત્ દિવ્યધ્વનિ મનુષ્ય દશા તથા રાજપાટનો ત્યાગ એમ બધું હોવા છતાં સમ્યગ્દર્શન પામી ન શકયા અને તિર્યંચ ગતિ, હિંસાના પરિણામ ને મનુષ્યની ભાષા સમજવી પણ મુશ્કેલ-તેવી સ્થિતિમાં આત્મા ને રાગની ભિન્નતાનું ભાન કરી શકયા. અનંતશક્તિનું ધારક આત્મતત્ત્વ સદૈવ મૌજુદ છે, પુરુષાર્થસ્વભાવી જ આત્મા છે. એનો સ્વીકાર આવ્યો કે આત્મા પ્રત્યક્ષ થઈ ગયો. અહો જીવના પુરુષાર્થની પણ બલિહારી છે.

અહા! મુનિરાજે કઈ ભાષામાં ઉપદેશ આપ્યો હશે?—ને સિંહ એ ભાષા કેવી રીતે સમજી શકયો હશે? આકાશમાંથી બે મુનિરાજ સિંહને ઉપદેશ આપવા નીચે ઊતરી રહ્યા છે અને સિંહ તે દશ્ય જોઈ ને આશ્ચર્ય પામે છે કે અરે! મારાથી તો બધા દૂર ભાગે, ને આ બે માનવ મારી સામે નિર્ભયતાથી આવી રહ્યા છે; આ તે શું? એમ વિસ્મયતામાં છે ત્યાં તો મુનિરાજ આવીને કહે છે કે 'રે સિંહ! દશમાં ભવે તું ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર થવાનો છે. આ ક્રૂર હિંસાના પરિણામ તને કેમ શોભે? આ સિંહ-તિર્યંચ ગતિ તે તું નથી, એ તારામાં નથી. તું અતીન્દ્રિય આનંદનો નાથ ત્રિકાળ મુક્તસ્વભાવી જ્ઞાયક આત્મા છો. તું સિંહ નથી પણ જ્ઞાનાનંદમય ચૈતન્ય પ્રભુ છો.' ટગટગ નયને ઉત્સુકતાથી સાંભળી રહેલા સિંહની આત્મવૃત્તિ જાગી ઊઠી ને આંખોમાંથી પશ્ચાત્તાપનાં ચોધાર આંસુ વહેવા લાગ્યા. ક્ષણ પહેલાંનો ક્રૂર જીવ આશ્ચર્યકારી સરળભાવે વિચારમાં પડી ગયો કે હું પરમેશ્વર છું!—ને એવા ઉલ્લસિત વીર્યથી અંદરમાં ઊંડો ઊતરી ગયો કે અંતર્મુખ થતાં જ જેવું મુનિરાજે કહ્યું હતું તેવું જ પોતાનું સ્વરૂપ અનુભવમાં આવ્યું....અહા! ઘડીક પહેલાંનો માંસાહારી જીવ ધર્માત્મા-જ્ઞાની બની ગયો! એ જ વીતરાગ જૈનધર્મની-વસ્તુસ્વભાવની-મહાનતા છે કે ક્ષણ પહેલાંનો પાપી ક્ષણ પછી આત્મદર્શી બની જાય છે, કારણ કે તેનામાં તેનું પરમેશ્વરતત્ત્વ મૌજૂદ છે ને? ભાઈ! એકવાર ગુંલાટ મારીને આવા પરમેશ્વરતત્ત્વનો મહિમા તો લાવ. તને પરમેશ્વરતા પ્રગટપણે અનુભવાશે. * * *

* તા. ૧૯-૧૦-૮૩ અને તા. ૨૦-૧૦-૮૩ના રોજ હિંમતનગર મધ્યે શ્રી મહાવીરનગરમાં આવેલા જિનમંદિરના પ્રાંગણમાં શ્રી કાનજીસ્વામી સ્મૃતિ સ્મારકના શિલાન્યાસનો સમારોહ રાખવામાં આવ્યો હતો. આ સ્મૃતિ સ્મારકનો શિલાન્યાસવિધિ શ્રી શાંતિભાઈ ઝવેરી મુંબઈ દ્વારા કરવામાં આવ્યો હતો. આ શિલાન્યાસવિધિ માટેની ઈંટો ઉપર પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના પાવન કરકમળ દ્વારા મંગલ સ્વસ્તિક અંકિત કરાવવામાં આવ્યા હતા. તદુપરાંત શ્રી સવિતાબેન માણેકલાલ રામચંદ ગાંધી તેઓએ શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુ સમાજ વાડીનું ખાતમૂહુર્ત કર્યું હતું. તદુપરાંત પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના ટેઈપપ્રવચનોની લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન શ્રી લાલચંદભાઈ મોદીએ કરેલ હતું. આ માંગલિક પ્રસંગે શ્રી બાબુભાઈ મહેતા, અનેક અગ્રગણ્ય મુમુક્ષુઓ તેમ જ ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ અને રાજસ્થાનના મુમુક્ષુઓ સહિત ત્રણેક હજાર મુમુક્ષુઓએ ઉલ્લાસ પૂર્વક લાભ લીધો હતો. *

## વૈરાગ્ય સમાચાર—

* વિંછીયાનિવાસી શ્રી છબીલદાસ ચુનીલાલ જોબાલિયા (વર્ષ-૪૦) તા. ૬-૯-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

* મોમ્બાસાનિવાસી શ્રી જેસુખલાલ કશલચંદ બાટવિયા (વર્ષ-૭૩) તા. ૩૦-૯-૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચોટીલાનિવાસી શ્રી મનસુખલાલ હરજીવનદાસ તુરખીયા (વર્ષ-૬૫) તા. ૩-૧૦-૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી વ્રજકુંવરબેન મોહનલાલ મહેતા (વર્ષ-૭૬) તા. ૧૦-૧૦-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જલગાંવનિવાસી શ્રી મગનલાલ ઠાકરશી શાહ (વર્ષ-૧૦૧) [તે શ્રી વજુભાઈ શાહ (જલગાંવ)ના પિતાશ્રી] તા. ૧૩-૧૦-૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દાહોદનિવાસી (હાલ મુંબઈ) કંચનબેન માણેકલાલ તલાટી તા. ૧૫-૧૦-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કાનાતળાવ નિવાસી શ્રી મેઘજીભાઈ ભીમજીભાઈ રૂપારેલિયા (વર્ષ-૫૨) તા. ૭-૧૦-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વડોદરા નિવાસી શ્રી મનસુખલાલ મગનલાલ કામદાર (વર્ષ-૮૧) તા. ૨૨-૧૦-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્‌ગત મુમુક્ષુઓને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. અવાર-નવાર સોનગઢ આવીને આત્મોદ્ધારક પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ-અમૃતવાણીનો લાભ લેતા હતા. તેઓ વીતરાગ ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—૦—

# પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

ત્રીજા વાર્ષિક સમાધિદિન નિમિત્તે

## સોનગઢમાં પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ

આપણા તારણહાર પરમોપકારી પૂજ્યપાદ ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પુણ્ય સમાધિનો ત્રીજો વાર્ષિક દિન સ. ૨૦૪૦ કારતક વદ સાતમ, તા. ૨૬-૧૧-૮૩, શનિવાર ના રોજ છે. પરમ કરુણામૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૨૨-૧૧-૮૩ થી તા. ૨૬-૧૧-૮૩ સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ—શ્રી વીસ વિહરમાન જિન મંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ભિન્ન ભિન્ન શાસ્ત્રો ઉપરનાં અધ્યાત્મરસ-નીતરતાં ખાસ ખાસ પ્રવચનો તથા સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનો, પૂજ્ય ગુરુદેવશ્રીની ફિલ્મ, ઘાટકોપર તથા વઢવાણ શહેરની ભજનમંડળી દ્વારા ભક્તિ વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યો છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય અને ગુરુભક્તિના આ પ્રસંગે સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું ભાવભીનું આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સૌને વીતરાગ જિનાયતનોનાં, ગુરુતીર્થધામનાં તેમ જ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં પવિત્ર દર્શનનો પણ લાભ મળશે.

*** મહેમાનો માટે ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.**

સૂચનાઃ— ઉપરોક્ત પ્રસંગે બહારગામથી આવનારા સાધર્મી મહેમાનોના ભોજનખર્ચને પહોંચી વળવા શરૂઆતના ચાર દિવસ માટે પ્રત્યેક ટંકના રૂા. ૨૦૦૦/- અને સમાધિદિનના પ્રત્યેક ટંકના રૂા. ૫૦૦૦/- રાખવામાં આવ્યા છે. લાભ લેવા ઇચ્છનાર દાતાઓએ સંસ્થાને તુરત જાણ કરવી. દાતાઓનાં નામ આગામી ' આત્મધર્મ 'માં આપવામાં આવશે.

સમાધિદિવસના એક ટંકના ભોજન માટે—

રૂા. ૫૦૦૦/- એક મુમુક્ષુભાઈ મુંબઈ, તથા

રૂા. ૫૦૦૦/- શ્રી હરિઈચ્છાબહેન પાનાચંદ કામદાર, વડોદરા

—તરફથી જાહેર કરવામાં આવ્યા છે.

# આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

* વિનય જિનશાસનનું મૂળ છે. વિનયથી સંયમ તપ અને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. જે વિનયથી રહિત છે તેનો ધર્મ અને તપ વ્યર્થ છે. વિનય રહિત પુરુષનો શાસ્ત્ર-અભ્યાસ વ્યર્થ છે. વિનય શાસ્ત્ર-અભ્યાસનું ફળ છે. વિનયનું ફળ સ્વર્ગ–સુખ અને મોક્ષ–સુખની પ્રાપ્તિ થવી તે છે. અથવા વિનયનું ફળ પંચકલ્યાણકની પ્રાપ્તિ થવી તે છે. વિનય મોક્ષમાં પ્રવેશ કરાવે છે. વિનયથી સંયમ તપ અને જ્ઞાન ઉત્પન્ન થાય છે. વિનયથી આચાર્યની અને સર્વ સંઘની આરાધના થાય છે. વિનયથી અભિમાન નષ્ટ થાય છે. વિનયથી ગુરુજન બહુમાન કરે છે. વિનય ધારણ કરવાથી તીર્થંકરની આજ્ઞાનું અને શ્રુતધર્મની આરાધનાનું પાલન થાય છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર–ષટ્ આવશ્યક, ગાથા-૧૦૪ થી ૧૦૭)

* આશારૂપ અલંઘ્ય અગ્નિમાં ધનાદિરૂપ ઈંધનના ભારા નાંખી તે આશારૂપ અગ્નિને પ્રતિ પળે વધારી તેમાં નિરંતર બળવા છતાં પોતાને શાંત થયો માનવો એ જ ખરેખર જીવનો અનાદિ વિભ્રમ છે.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૮૫)

* હે જિનેન્દ્ર! જે જીવ સમસ્ત વસ્તુઓના વિસ્તારને વિષય કરનાર આપના અનંતજ્ઞાનની સ્તુતિ કરે છે, તે પોતાને પેલા કૂપમંડુક (કુવામાં રહેનાર દેડકા) સમાન પ્રગટ કરે છે જે કૂવામાં રહેવા છતાં પણ સમુદ્રના વિસ્તારાદિ બતાવે છે.

(શ્રી પદ્મનંદી આચાર્ય, ઋષભ સ્તોત્ર, શ્લોક-૪)

* જે મૂઢ પુરુષ પાંચ ઈન્દ્રિયોના વિષય સેવનમાં સુખને શોધે છે તે ઠંડકને માટે અગ્નિમાં પ્રવેશ કરવા બરાબર છે તથા લાંબુ જીવવા વિષ પાન કરવા બરાબર છે. તેને આ વિપરીત બુદ્ધિને લઈને સુખને બદલે દુઃખ જ થશે. (શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ–અનિત્યભાવના, ગાથા-૨૬)

ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. અનેક પ્રકારની પ્રતિકૂળતા આવી પડે, પુત્રાદિનું મરણ થાય, શરીરમાં રોગ આકરા આવી પડે, અન્ય અનેક પ્રકારની પ્રતિકૂળતા આવી જાય તોપણ પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લેવો. જીવન વ્યર્થ જવા ન દેવું.

—પૂજ્ય ગુરુદેવશ્રી

License No. 3
'License to post without prepayment'

If not delivered please return to,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250

TO,
૧૪૨૬ A શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. ઓ. કોલેજ
સણોસરા
વાયા-સોનગઢ

સંપાદક : નાગરદાસ બી. મોદી તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું)